## ગિજુભાઈ બધેકાની વાર્તાઓ

# વાર્તાનો વડલો

### ભાગ-૨



ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

નિપુણ ભારત
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

## ગિજુભાઈ બધેકાની વાર્તાઓ

# વાર્તાનો વડલો

## ભાગ-૨




સંકલન અને નિર્માણ

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સી ભણે.સી આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 1. | ઠાગાઠૈયા કરું છું | 1 |
| 2. | સમડી મા | 5 |
| 3. | ટાઢું ટબૂકલું | 8 |
| 4. | વહાલની દેવી-વનદેવી | 12 |
| 5. | પાલીમાં પાંચ ઉંદરડા | 14 |
| 6. | કાગડો અને કોઠીંબડું | 17 |
| 7. | લખ્યાબારું કરવું નહિ! | 22 |
| 8. | બોલે તે બે ખાય! | 25 |
| 9. | સાંભળો છો, દડભંજનજી! | 27 |
| 10. | ખડખડ ખડબડ ખોદત હૈ! | 30 |
| 11. | છેતરનારો છેતરાયો | 33 |
| 12. | કૂકડી પડી રંગમાં | 38 |
| 13. | સામસામે ખેંચાણી | 42 |
| 14. | ઝાંઝરવાળી ચકલીબાઈ | 47 |
| 15. | મારી વાર્તા | 48 |

## રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2022ની અપેક્ષાઓ

ગિજુભાઈ બધેકાની વાર્તાઓનું નવસંસ્કરણ કરીને, આજના સમયમાં પ્રસ્તુત હોય તેવું સ્વરૂપ આપીને બાળકો સમક્ષ મુકવાનો ગુજરાત સરકારના શિક્ષણ વિભાગે હાથ ધરેલો જ્ઞાન યજ્ઞ એના બીજા ચરણમાં પહોંચી રહ્યો છે.

'વાર્તાનો વડલો- ભાગ 1' ની પંદર વાર્તાઓની જેમ, 'વાર્તાનો વડલો- ભાગ 2' ની આ બીજી પંદર વાર્તાઓનું ગુચ્છ પણ શિક્ષકો, બાળકો અને વાલીઓને ગમશે જ એવી શ્રદ્ધા છે.

રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020 માં વાર્તાને શિક્ષણના અસરકારક માધ્યમ તરીકે સ્વીકૃતિ મળી છે ત્યારે ચોક્કસ કહી શકાય કે ગુજરાતને તો સ્વ. ગિજુભાઈ થકી વાર્તાનો અખૂટ ખજાનો સહજ પ્રાપ્ય છે. ગુજરાતની ચાર પેઢીઓ એ વાર્તા-ખજાના દ્વારા રળિયાત બની છે. આવનારી પેઢી પણ એ વાર્તાઓ દ્વારા ભાષાનાં કૌશલ્યો અને જીવનનાં મૂલ્યોથી સજ્જ બને તે માટે આ આખો ઉપક્રમ આરંભાયો છે. શિક્ષકો અને વાલીઓ આ વાર્તાઓ બાળકોને વારંવાર સંભળાવે તે જરૂરી છે. આ વાર્તાઓમાં આવતા નવા શબ્દો અને શબ્દ પ્રયોગોથી બાળકોનું શબ્દ ભંડોળ તો વિકસશે જ, સાથે સાથે અમુક શબ્દોનો વિશિષ્ટ રીતે ઉપયોગ કરવાનું કૌશલ્ય પણ હસ્તગત થશે. બાળકોના સક્રિય શબ્દ ભંડોળમાં નવા શબ્દો ઉમેરાય એ માટે જરૂરી છે કે નવા શબ્દો બાળકોને વારંવાર સાંભળવા મળે. તેથી જયારે પણ બાળકોને વાર્તા કહીએ ત્યારે માત્ર વાર્તામાં બનતી ઘટનાઓ જ નહીં, પરંતું વાર્તામાં આવતા નવા શબ્દો, જોડકણાં વગેરે પણ કહીએ.

આ વાર્તાઓમાં ચિત્રો પણ છે. વર્ગખંડમાં બાળકોને જયારે વાર્તા કહીએ ત્યારે આ ચિત્રો વિશે પણ ચર્ચા કરીએ. ચિત્રોને આધારે બાળકોને વાર્તા અંગે અનુમાન કરવાનું કહીએ. બાળકોને કોઈ એક ચિત્ર બતાવીને પૂછી શકાય કે આ વાર્તા કોની હશે, એમાં શું શું થયું હશે, હવે પછી શું થશે, આ પાત્ર કેમ બહુ ખુશ લાગતું હશે વગેરે. આવા પ્રશ્નો દ્વારા આગળ વધતી ચર્ચા બાળકોને સર્જનાત્મક ચિંતન અને વિવેચનાત્મક ચિંતન માટે પ્રેરે છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ 2020માં એકવીસમી સદીનાં કૌશલ્યો શીખવવાની વાત છે એ પૈકી આ બે કૌશલ્યો ખૂબ અગત્યનાં છે. પ્રાથમિક શાળામાં શરૂઆતનાં ધોરણથી  જ બાળકોને આવી તક મળે તો ચોક્કસ એ આવાં કૌશલ્યો આત્મસાત કરી શકે.

**'વાર્તાનો વડલો' શ્રેણીનું આ દ્વિતીય પુસ્તક આપ સૌ સમક્ષ ઉપરોક્ત અપેક્ષાઓ સાથે આવી રહ્યું છે, એ અપેક્ષાઓ પૂર્ણ કરવામાં આપ સૌ નિમિત્ત બનશો એવી શ્રદ્ધા છે.**

**ડી.એસ.પટેલ**

**નિયામક, જીસીઇઆરટી**

# ગિજુભાઈ બધેકા



ગિજુભાઈ બધેકાનો જન્મ તારીખ ૧૫ નવેમ્બર, ૧૮૮૫ના દિવસે અમરેલી જિલ્લાના ચિત્તળ મુકામે થયો હતો. તેમનું પૂરું નામ ગિરજાશંકર ભગવાનજી બધેકા હતું. કાકાસાહેબ કાલેલકરે તેમને 'બાળસાહિત્યના બ્રહ્મા' કહેલા. તેઓ બાળકોની 'મૂછાળી મા' તરીકે પણ ઓળખાય છે!

પોતાના પુત્રની કેળવણી માટે ગિજુભાઈએ ડૉ. મારિયા મૉન્ટેસોરીનાં પુસ્તકો વાંચ્યાં એટલે તેમને બાળકેળવણીની યોગ્ય દિશા મળી. દરમિયાન ભાવનગરની 'દક્ષિણામૂર્તિ વિદ્યાભવન' સંસ્થામાં શિક્ષક અને આચાર્ય થયા અને મૉન્ટેસોરી પદ્ધતિથી બાળકેળવણીનો પ્રારંભ કર્યો. આમ કાયદાના વકીલ થવાને બદલે તેઓ બાળકોના વકીલ થયા!

ગિજુભાઈએ તારાબહેન મોડકના સાથથી બાળકો માટે વિપુલ બાળસાહિત્ય સર્જ્યું. ૧૯૨૯માં તેમને આ સંદર્ભમાં ગુજરાતી સાહિત્યનો પ્રતિષ્ઠિત રણજિતરામ સુવર્ણચંદ્રક અપાયો હતો. ગિજુભાઈએ બાળકો માટે, શિક્ષકો માટે અને માતાપિતા - વાલીઓ માટે - એમ ત્રણ કક્ષાનું સાહિત્ય રચ્યું છે. 'વાર્તાનું શાસ્ત્ર' (૧૯૨૫) અને 'દિવાસ્વપ્ન' (૧૯૩૧) - એ બે પુસ્તકો અનેક રીતે નોંધપાત્ર છે.

ગિજુભાઈએ દોઢસો જેટલાં બાળસાહિત્યનાં પુસ્તકો પ્રકાશિત કર્યાં છે. ગિજુભાઈ બાળસાહિત્યને - બાળકથાને બાળકના મનોઘડતરનું સાધન ગણતા. એ દ્વારા તેમણે બાળકેળવણીનું કાર્ય કર્યું હતું. ગિજુભાઈનું જીવન એટલે બાળકેળવણીની એક જીવંત પ્રયોગશાળા. બાળકોને માહિતીના ગંજ હેઠળ કચડી ના નાખતાં તેમને બધું જ જ્ઞાન રમત-રમતમાં સરસ રીતે અને સ્વયંસ્ફૂરણાથી મળી રહે તે રીતે, દક્ષિણામૂર્તિના સહકાર્યકરોનો સાથ લઈ વિપુલ સાહિત્ય સર્જ્યું. વળી, તેમણે બાળકોનાં શરીર, મન અને ભાવના - આ સર્વનો આનંદમય રીતે વિકાસ થાય તેવો સતત પ્રયત્ન કર્યો. તેમણે વિશાળ પ્રાણીસૃષ્ટિને રજૂ કરતી અનેક બાળકથાઓ આપી છે. તેમની વાર્તાઓમાં જોડકણાંનું આગવું સ્થાન છે.

ગિજુભાઈએ લોકસાહિત્ય, પૌરાણિક સાહિત્ય અને વિદેશી બાળ સાહિત્યનો આધાર લઈને, કેટલીક કથાઓમાં ફેરફાર કરીને આપણને ઘણી વાર્તાઓ આપી છે. તેમણે બાળ અધ્યાપન મંદિર દ્વારા અનેક બાળ શિક્ષકો અને બાળ હિતચિંતકો તૈયાર કર્યા હતા.

બાળકો માટે એક સ્વતંત્ર યુનિવર્સિટી (વિદ્યાપીઠ) હોવી જોઈએ અને તેમના માટે જ્ઞાનકોશ હોવો જોઈએ - એ તેમનાં સ્વપ્ન હતાં. આજે એ બંને સ્વપ્ન સાચાં પડ્યાં છે. ગુજરાતના બાળ સાહિત્ય અને બાળ કેળવણીને રળિયાત કરીને તેઓએ તારીખ ૨૫ જૂન, ૧૯૩૯ના રોજ મુંબઈ ખાતે અંતિમ શ્વાસ લીધા.

# 1. ઠાગાઠૈયા કરું છું

એક હતો કાગડો અને એક હતી કાબર. બન્ને વચ્ચે દોસ્તી થઈ. સમય વીત્યો એમ બન્ને પાક્કાં દોસ્ત બની ગયાં.

બંને દોસ્તોમાં એક ભેદ હતો. કાબર ભલી ભોળી હતી, પણ કાગડો બહુ પાક્કો હતો! એક દિવસ કાબરે કાગડાને કહ્યું : ''કાગડાભાઈ, કાગડાભાઈ! ચાલોને આપણે ખેતર ખેડીએ. દાણા સારા થાય તો આખું વરસ ચણવા જવું ન પડે અને નિરાંતે ખાઈએ.''

કાગડો કહે : ''બહુ સારું, ચાલો.'' પછી તો કાગડો અને કાબર પોતપોતાની ચાંચોથી ખેતર ખેડવા લાગ્યાં.

થોડી વાર થઈ ત્યાં કાગડાની ચાંચ ભાંગી ગઈ. એટલે કાગડો તે ઘડાવવા લુહારને ત્યાં ગયો. જતાં જતાં કાબરને કહેતો ગયો : ''કાબરબાઈ! તમે ખેતર ખેડતાં થાઓ. ચાંચ ઘડાવીને હમણાં હું આવું છું.''

કાબર કહે : ''ઠીક.''

પછી તો કાબરે આખું ખેતર ખેડી નાખ્યું પણ કાગડાભાઈ ચાંચ ઘડાવીને આવ્યા જ નહીં.

કાગડાભાઈની દાનત ખોટી હતી. એટલે ચાંચ તો ઘડાવી, પણ કામ કરવાની આળસે બેઠાબેઠા





લુહારની સાથે ગપ્પાં મારવા લાગેલા.

કાબર તો કાગડાની રાહ જોઈજોઈને થાકી ગઈ એટલે કાગડાને બોલાવવા ગઈ. જઈને કાગડાને કહે : ''કાગડાભાઈ, કાગડાભાઈ! ચાલોને, ખેતર તો ખેડાઈ ગયું. હવે આપણે વાવીએ.''

કાગડો કહે :

''ઠાગાઠૈયા કરું છું.

ચાંચૂડી ઘડાવું છું.

જાવ, કાબરબાઈ!

કાલ વહેલો આવું છું!''

કાબર પાછી ગઈ અને એણે તો ખેતરમાં વાવવાનું કામ શરૂ કર્યું. એણે સરસ મજાનો બાજરો વાવ્યો. થોડા દિવસમાં બાજરો એવો તો સુંદર ઊગી નીકળ્યો કે જોઈને બસ, ''વાહ'' બોલાઈ જાય.

એટલામાં નીંદવાનો વખત થયો, એટલે વળી કાબરબાઈ કાગડાને બોલાવવા ગઈ.

જઈને કાગડાને કહે : ''કાગડાભાઈ, કાગડાભાઈ! ચાલો, ચાલો! બાજરો બહુ સારો ઊગ્યો છે. હવે જલદીથી નીંદવું જોઈએ, નહિતર મોલને નુકસાન થશે.''

આળસુ કાગડાએ ઝાડ ઉપરથી જ કહ્યું :

"ઢાગાઢૈયા કરું છું.
ચાંચૂડી ઘડાવું છું.
જાવ, કાબરબાઈ!
કાલે વહેલો આવું છું."

કાબર તો પાછી ગઈ અને એકલીએ આખું ખેતર નીંદી નાખ્યું.

વખત જતાં કાપણીનો સમય આવી ગયો. કાબર વળી કાગડાભાઈને બોલાવવા ગઈ. જઈને કહે : "કાગડાભાઈ, કાગડાભાઈ! હવે તો ચાલો, કાપણીનો વખત થયો છે. મોડું કાપશું તો નુકશાન થશે!"

લુચ્ચા કાગડાએ બગાસું ખાતાંખાતાં કહ્યું :

"ઢાગાઢૈયા કરું છું.
ચાંચૂડી ઘડાવું છું.
જાવ, કાબરબાઈ!
કાલ વહેલો આવું છું."

કાબર તો કાગડાની એકની એક વાત સાંભળીને નિરાશ થઈ પાછી ગઈ અને ખીજમાં ને ખીજમાં એકલીએ આખા ખેતરની કાપણી કરી નાંખી.

પછી તો કાબરે બાજરાનાં ડૂંડાંમાંથી બાજરો કાઢ્યો અને એક કોર બાજરાનો એક ઢગલો કર્યો, અને બીજી કોર એક મોટો ઠૂંસાંનો ઢગલો કર્યો, અને ઉપર થોડોએક બાજરો ભભરાવી દીધો.

પછી તે કાગડાને બોલાવવા ગઈ. જઈને કહે : "કાગડાભાઈ! હવે તો ચાલશો ને? બાજરાના ઢગલા તૈયાર કર્યા છે. તમને ગમે તે ભાગ તમે રાખજો."

વગર મહેનતે બાજરાનો ભાગ મળશે એ જાણી કાગડાભાઈ ફુલાઈ ગયા.

તેણે કાબરને કહ્યું : "ચાલો બહેન! તૈયાર જ છું. હવે તો ચાંચ પણ બરાબર થઈ ગઈ છે."

પછી કાગડો અને કાબર ખેતરે આવ્યાં. કાબર કહે : "ભાઈ! તમને ગમે તે ઢગલો તમારો."

મોટો ઢગલો લેવાને માટે ઠૂંસાંવાળા ઢગલા ઉપર જઈને કાગડાભાઈ રાજીના રેડ થઈ ગયા. એ તો આનંદમાં ને આનંદમાં નાચવા લાગ્યા, પણ આ તો ઠૂંસાનો ઢગલો. એ તો સરવા લાગ્યા, સર સર સર...



ભાઈસાહેબના પગ ઢૂંસાંમાં ખૂંચાઈ ગયા અને આંખમાં, કાનમાં ને મોઢામાં બધે ઢૂંસાં ભરાઈ ગયાં. કાગડાભાઈ તો છેલ્લા શ્વાસ ગણવા મંડ્યા! એમનાથી મોટેથી રાડ પડાઈ ગઈ : ''કાબરબેન, કાબરબેન મને બચાવો... મને બચાવો...''

કાબરબેન મૂળે તો દયાળુ! એ ઢગલા ઉપર ઊડીને પહોંચે તે પહેલાં કાગડાભાઈ બોલવા માંડ્યા.

''કાબરબેન! મને બચાવો! મારી ભૂલ થઈ ગઈ. મને કામ કરવાની ખૂબ આળસ થતી. એટલે મારાથી આવું વર્તન થઈ ગયું. પણ હવેથી હું દરેક કામમાં સાથ-સહકાર આપીશ. સાથે રહીશ.''

કાબરબેને ઝડપથી ઊડીને કાગડાભાઈને પકડીને કહ્યું : ''કાગડાભાઈ! ઊડો'' આમ બંને એકસાથે ઊડ્યાં. બાજુમાં વહેતી નદીમાં મોઢું ધોયું. હાશ! કાગડાભાઈના જીવમાં જીવ આવ્યો. એ તો કરગરી ઊઠ્યા :''હવેથી આવું નહીં કરું બસ, કાબરબેન! પ્રોમિસ.''

દયાનાં સાગર કાબરબાઈએ કહ્યું : ''કાગડાભાઈ, આમાંથી વરસભર ચાલે એટલો બાજરો તમે લઈ જાવ. આમેય મારો પરિવાર તો નાનો છે. આટલો બાજરો તો વધવાનો ને!''

કાબરબેનના સંગની એવી તો અસર થઈ કે કાગડાભાઈ સાવ સુધરી ગયા ને દર વરસે કાબરબાઈ સાથે મળીને ખેતર ખેડે, વાવે, નીંદામણ કરે ને કાપણી કરી ખળા સુધી સાથે ને સાથે રહેતા થયા અને એમણે ઠાગાઠૈયા કરવાનું પણ છોડી દીધું!

# 2. સમડી મા



એક હતો જેઠાલાલ. એને હાથે એક ગૂમડું થયું. જેઠાલાલ રોજ વૈદ પાસે જાય અને દવા કરે પણ કેમે કરીને ગૂમડું ફૂટે નહિ. એકવાર જેઠાલાલ વૈદ પાસે જતો હતો ત્યાં રસ્તામાં એક સમડી મળી. સમડી કહે : ''જેઠાભાઈ! જેઠાભાઈ! આ તમારા હાથે શું થયું છે?''

જેઠાલાલ કહે : ''જુઓને બહેન! આ કેટલાક દિવસથી ગૂમડું થયું છે. પાકતુંય નથી ને ફૂટતુંય નથી. કોણ જાણે કેવીય જાતનું છે.''

સમડી કહે : ''અરે, એમાં તે શું છે? ગૂમડું હું ફોડી આપું : પણ એમાંથી જે નીકળે એ મારું.'' જેઠાલાલ વિચાર કરવા લાગ્યો કે ગૂમડામાંથી તે વળી શું નીકળવાનું હતું! પાક નીકળશે અને પરું નીકળશે, એમાં સમડી કાંઈ ખાટી જશે નહીં. એમ ધારીને એણે કહ્યું : ''ઠીક, જે નીકળે તે તમારું. એક વાર મારું દુઃખ મટાડો!''

સમડીએ તો ચાંચ મારી ઝટ દઈને ગૂમડું ફોડી નાખ્યું. ત્યાં તો એમાંથી એક રૂપાળી દીકરી નીકળી!

દીકરી આપતાં જેઠાલાલનો જીવ તો ન ચાલ્યો, પણ કરે શું? સમડી સાથે વચને બંધાયો હતો. છેવટે કચવાતા મને જેઠાલાલે સમડીને દીકરી આપી. સમડી તો દીકરીને એના માળામાં લઈ ગઈ. મોટા માળામાં સમડીએ એને રાખી. સમડીએ એનું નામ ચૂટકી પાડ્યું.

સમડી તો ચૂટકીને કાંઈ રાખે! નિત નવું ખાવાનું લઈ આવે! પહેરવા-ઓઢવાનાં કપડાં ને લૂગડાં-ઘરેણાં લઈ આવે, ને રાજીરાજી રાખે. ચૂટકીને કોઈ વાતની કચાશ નહિ.

એકવાર ચૂટકી કહે : "મા! મને ચંદનહાર પહેરવાની હોંશ થઈ છે."

સમડી કહે : "ઠીક દીકરી! કાલે ચંદનહાર લઈ આવું. પણ લઈને આવતાં કદાચ બે ચાર દિવસ મોડુંય થઈ જાય. ચંદનહાર તો કોઈક રાજાને ઘેર કે મોટા નગરશેઠને ત્યાં હોય, મોડી આવું તો મૂંઝાઈશ નહિ!"

ચૂટકી કહે : "ભલે!"

સમડી તો ચંદનહાર લેવા ઊડી. એક દિવસ થયો, બે દિવસ થયા, ત્રણ દિવસ થયા, પણ ક્યાંય ચંદનહાર હાથ ન આવે. ચંદનહાર ક્યાંકથી મળે ત્યારે સમડી પાછી આવે ને?

ચૂટકી તો માળામાં બેઠીબેઠી સમડીમાની રાહ જુએ છે. આજ આવશે, કાલે આવશે, એમ કરતી વાટ જોતી બેઠી છે.

ત્યાં તો એક રાજાનો કુંવર શિકારે નીકળેલો, તે માળા પાસે આવ્યો. ચૂટકીને જોઈને એ તો ખુશખુશ થઈ ગયો. ચૂટકીને તો એ પોતાને મહેલ લઈ ગયો.

ચોથો દિવસ થયો ત્યાં તો સમડી ચંદનહાર લઈને આવી.

પણ માળામાં તો ચૂટકી જ ન મળે!

સમડીને થયું : "ચૂટકી ક્યાં ગઈ હશે?"

એણે તો ઘણા સાદ પાડ્યા પણ ચૂટકી આવી નહિ. સમડી તો રોવા માંડી. ખૂબખૂબ રોઈ. ધ્રૂસકે ને ધ્રૂસકે રોઈ પણ ચૂટકી ક્યાંથી આવે? એ તો રાજાના કુંવર સાથે મહેલમાં રમતી'તી, ખાતી'તી ને મજા કરતી'તી.

સમડી તો રોઈ રોઈને થાકી. પછી કહે : "ચાલને ક્યાંક ગોતું!"

સમડી તો ઊડી.

દરેક ઘરને છાપરે જઈને બેસે ને બોલે :

"મારી રૂપાળી ચૂટકીને
મારી રાધિકાને
કોણ હરી ગયું?
કોણ જીતી ગયું?
કોણે દીધા વનવાસ?"

સમડી તો ગામેગામ ફરે અને છાપરેછાપરે બેસીને આવું બોલે.

એમ કરતાં કરતાં જે ગામમાં ચૂટકી હતી તે ગામમાં સમડી આવી અને રાજાના મહેલની



જ ઉપર બેસીને બોલી :

"મારી રૂપાળી ચૂટકીને
મારી ચૂટકીને
કોણ હરી ગયું?
કોણ જીતી ગયું?
કોણે દીધા વનવાસ?"

હીંડોળા ઉપર બેસીને ચૂટકી ખટક ખટક હીંચકતી હતી અને કાને સમડીનો અવાજ આવ્યો.

ચૂટકી કહે : "અરે, આ તો મારી બા જ બોલે છે!"

દાસીઓ કહે : "ના રે, બા! એ તો છાપરે બેઠેલી સમડી છે."

ચૂટકી કહે : "ખરેખર, એ મારી બા જ છે. એને અહીં લાવો."

પછી માણસો છાપરે ચડીને સમડીને પકડીને મહેલમાં લાવ્યા.

દીકરીને જોઈને સમડી તો રાજી રાજી થઈ ગઈ. મા-દીકરી ભેટી પડ્યાં. પછી તો ચૂટકીએ સમડીને પણ મહેલમાં રાખી.

મા-દીકરી રોજ સુખદુ:ખની વાતો કરે છે. ખાય-પીએ છે ને મજા કરે છે.

## 3. ટાઢું ટબૂકલું

એક ડોશીમા હતાં. ગામના છેડે એક કૂબામાં રહે. કૂબો એટલે ગાર-માટીની ચાર દીવાલો અને ઘાસફૂસનું છાપરું. શિયાળે ટાઢ ને ઉનાળે ગરમી પડે. ચોમાસે છાંટા પણ પડે અને કોઈ કોઈ વાર ધોધમાર કે સાંબેલાધાર વરસાદ પણ પડે. વરસાદ એકધારો પડે ને અટકી-અટકીને પણ પડે! પણ કૂબામાં તો મજા જ મજા. ડોશીમા કૂબામાં રહે ને આનંદ કરે.

શિયાળો ગયો, ઉનાળોય ગયો ને આવ્યું ચોમાસું. મેઘલી રાત જામી છે. અચાનક ઝરમર-ઝરમર મેહુલો આવવાનો શરૂ થયો, સરસ મજાના એક સંગીત સાથે. ધીરે-ધીરે કરતાં વરસાદ વધ્યો. ગાજવીજ પણ ચાલુ થઈ. ડોશીમા મૂંઝાવા લાગ્યાં. ધોધમાર વરસાદ અટકવાનું નામ જ નથી લેતો. કૂબા ઉપર ઘાસફૂસનું છાપરું પાણીને રોકી શકતું નથી ને વરસાદનું પાણી મોટાં-મોટાં ટીપાં સાથે કૂબામાં પડવા માંડ્યું. જોત-જોતામાં તો કૂબામાં પાણીપાણી થઈ ગયું. ક્યાંક-ક્યાંક તો પાણીનાં નાનાંનાનાં ખાબોચિયાં પણ ભરાયાં.

ડોશીમા તો આ ચૂવાથી કંટાળી ગયાં! તેમના માથે પણ ચૂવાના છાંટા પડતા હતા. હવે કૂબામાં ક્યાં બેસું તો ચૂવા માથે ન પડે એ શોધવા જતાં'તાં ત્યાં ખાબોચિયામાં પગ પડ્યો ને એ તો લપસ્યાં. ડોશીમા તો "ઓય મા" કરીને પડ્યાં. માંડ - માંડ ઊભાં થઈને ખિજાઈને બોલ્યાં...

ભાઈ રે ભાઈ, હું કોઈનાથી ના બીઉં
સિંહથી ના બીઉં, વાઘથી ના બીઉં



બીઉ તો બીઉં, ટાઢા ટબૂકલાથી બીઉં

ડોશીમા આ ગીત ગાતાં હતાં. એવામાં વરસાદથી બચવા એક સિંહ કૂબાની પાછળ ઊભો રહી ગયો ને ડોશીમાનું ગીત સાંભળી ગયો. તે વિચારે ચડી ગયો કે આ ડોશીમા તો સિંહ કે વાઘ બેમાંથી કોઈથી બીતાં નથી ને ટાઢા ટબૂકલાથી બીએ છે. તો આ ટાઢું ટબૂકલું મારાથી પણ બળવાન હશે? કેવું હશે એ ટાઢું ટબૂકલું? આમ વિચારતાં સિંહને બીક લાગી.

થોડીવાર પછી ડોશીમાના વાંસામાં વળી પાછું પાણીનું એક મોટું ટીપુ પડ્યું ને ડોશીમા બી ગયાં ને બોલ્યાં.

ભાઈ રે ભાઈ, હું કોઈનાથી ના બીઉં

સિંહથી ના બીઉં, વાઘથી ના બીઉં

બીઉં તો બીઉં ટાઢા ટબૂકલાથી બીઉં.

બીજીવાર ડોશીમાને બોલતાં સાંભળીને સિંહ તો વળી બી ગયો અને બોલ્યો, ''અહીં ઊભા રહેવામાં મજા નથી!'' તે તો ઊભી પૂંછડીએ ભાગ્યો. જાય ભાગ્યો, જાય ભાગ્યો!

રસ્તામાં એક વડ આવ્યો. વડલાની ઉપર એક વાંદરો વરસાદથી પલળીને ધ્રૂજતો ધ્રૂજતો બેઠો હતો. તેનું લાંબું પૂંછડું નીચે લટકતું હતું. વડલાના થડને અડકીને એક મુસાફર પણ ઊભો હતો.

સિંહને દોડતો-દોડતો જતો જોઈને વાંદરાને થયું કે, આ સિંહભાઈ દોડતા-દોડતા આમ ક્યાં જાય છે? તેણે સિંહને બૂમ પાડીને ઊભો રાખ્યો ને પૂછ્યું કે, ''સિંહભાઈ સિંહભાઈ! વનના રાજા થઈને આમ બીતાબીતા ને ધ્રૂજતા ધ્રૂજતા ક્યાં જાઓ છો?''

સિંહ ઊભો રહ્યો ને બોલ્યો, ''ભાઈ જંગલમાં એક નવું જ પ્રાણી આવ્યું છે. નામ 'ટાઢું ટબૂકલું'. એ મારા કરતાં પણ વધારે બળવાન છે. એની મને ખૂબ જ બીક લાગે છે. કૂબામાં ડોશીમા બોલતાં હતાં કે -

ભાઈ રે ભાઈ, હું કોઈનાથી ના બીઉં

સિંહથી ના બીઉં, વાઘથી ના બીઉં

બીઉં તો બીઉં ટાઢા ટબૂકલાથી બીઉં

બસ, એ ડોશીમાને બોલતાં સાંભળીને હું તો ત્યાંથી જીવ લઈને ભાગ્યો છું. સિંહની વાત સાંભળીને વાંદરાના પણ હાંજા ગગડી ગયા ને વાંદરાને પણ બીક લાગી. ઝાડના થડ પાસે અડકીને ઉભેલા માણસે પણ આ વાત સાંભળી અને એને પણ બીક લાગી કે આ સિંહ કદાચ મને મારીને ખાઈ જશે. એટલે તેણે સિંહથી બચવા ઝાડ પર ચડી જવાનો વિચાર કર્યો. ઝાડ

પર ચડવા જાય છે ત્યાં વાંદરાનું પૂંછડું એના હાથમાં આવ્યું. વરસાદમાં પલળેલું વાંદરાનું પૂંછડું હાથમાં પકડાવાથી એ ચમક્યો. પલળેલું પૂંછડું ટાઢું લાગ્યું એટલે બી ગયો, કે ટાઢું ટબૂકલું તો અહીં જ લાગે છે! પૂંછડું તેના હાથમાંથી લપસી ગયું ને તે ધડામ દઈને નીચે પડ્યો. નીચે ઊભેલા સિંહને અંધારામાં કંઈ દેખાયું નહીં. પણ ધડામ અવાજને લીધે સિંહને લાગ્યું કે આ ટાઢું ટબૂકલું અહીં આવી પહોંચ્યું છે ને વાંદરાને પકડ્યો છે. આથી તે વધારે ગભરાયો ને દોડતો - દોડતો ત્યાંથી ભાગ્યો.

એ જ રાતે એક નાની એવી બેબી પોતાની ખોવાયેલી બકરી શોધવા માટે જંગલમાં નીકળેલી. જતાં-જતાં અંધારામાં બેબીબેન સિંહ સાથે ભટકાણાં. અચાનક ભટકાવાને કારણે સિંહને બીક લાગી કે ટાઢું ટબૂકલું આવ્યું ને મારી સાથે ભટકાણું. બેબીબેનને પણ કંઈક અથડાયું એટલે એને થયું કે તેની બકરી ભટકાણી લાગે છે. ખોવાયેલી બકરી હાથ આવી ગઈ લાગે છે. બેબીએ બકરી જાણીને સિંહનો કાન પકડ્યો! સિંહ પણ મૂંઝાયો ને ટાઢા ટબૂકલાથી બીને, લપાઈને ટાઢોબોળ થઈને બેસી ગયો. બેબીને લાગ્યું કે નજીક બેઠેલું પ્રાણી એની બકરી જ છે. એટલે તેણે એકદમ એની પાસે જઈને કાન પકડીને કહ્યું - "આમ ક્યાં રખડે છે? આ વરસાદમાં પલળીને ઠીકરું થઈ ગઈ! ચાલ, હવે ચાલ! છાનીમાની ઘરભેગી થા!"

સિંહના મનમાં થયું કે માર્યા! આ ટાઢા ટબૂકલાના હાથમાં પકડાણા તે હવે છૂટશું કે નહીં? બીકમાં ને બીકમાં તે વધારે ધ્રૂજવા લાગ્યો ને પલળેલા કાગડા જેવો બની બેબીબેનની સાથે ચાલવા લાગ્યો.



બેબીબેને ઘરે આવીને સિંહને બકરીના ખીલે બાંધી દીધો. સવાર થયું ને બેબીબેન જાગ્યાં. બકરી દોહવા જાય ત્યાં તો બકરીના બદલે સિંહને જોયો! એ તો ગભરાઈને દોડાદોડ મમ્મી પાસે ગયાં ને આખી વાત કરી. સિંહ છે એમ ખાતરી થતાં દૂરથી જ દાતરડા વડે દોરડું કાપીને મમ્મી-દીકરી ઘરમાં પેસી ગયાં.

સિંહ પણ છૂટ્યો. એને પણ હાશકારો થયો અને બોલ્યો, ''માંડ છૂટ્યા આ ટાઢા ટબૂકલાથી...''

જેવું દોરડું કાપ્યું એવો જ સિંહ એક મોટી ગર્જના કરીને ભાગ્યો, પણ ભાગતાં-ભાગતાં બોલ્યો કે આ ટાઢું ટબૂકલું કેવું ધાર્યું હતું ને કેવું નીકળ્યું! ખરું છે આ ટાઢું ટબૂકલું!

## 4. વહાલની દેવી વનદેવી

વિજયનગર નામનું એક ગામ. વિજયનગરના રાજા કૃષ્ણદેવરાય ખૂબ ભલા અને ઉદાર માણસ. રાજા કૃષ્ણદેવરાયને વિજયકુમાર નામના એક કુંવર. વિજયકુમાર રાજાના ખૂબ લાડકા પુત્ર હતા.

વિજયકુમાર એક ગંભીર બીમારીથી પીડાતા હતા. વિજયકુમારને બીમારી હતી કે રાત્રે જે સપનું જોયું હોય, સપનામાં જે જે વસ્તુ જોઈ હોય, તે પ્રમાણે તે બીજા દિવસે વર્તન કરે.

જો સપનામાં તેમણે મોર જોયો હોય તો બીજો આખો દિવસ તે પોતે મોર છે એવો વર્તાવ કરે. મોર જેવા અવાજથી બોલે ને આખો દિવસ ટેહુ...ટેહુ કર્યા કરે.

જો સપનામાં તેમણે બિલાડી જોઈ હોય તો તે આખો દિવસ પોતે બિલાડી છે તેવું વર્તન કરે ને આખો દિવસ મ્યાઉં...મ્યાઉં કર્યા કરે.

એક દિવસ તો તેમણે સપનામાં મોટી માછલી જોઈ, બીજા દિવસે સવારમાં પડ્યો એ તો પાણીમાં ને આખો દિવસ પાણીમાં તર્યા જ કર્યું!

વિજયકુમારની આ બીમારીથી રાજા કૃષ્ણદેવરાય ખૂબ પરેશાન હતા અને વિજયકુમારની આ બીમારીનો ઇલાજ કઈ રીતે કરવો તે વિચારતા હતા.

એકવાર રાજા કૃષ્ણદેવરાય એક ઝાડ નીચે બેઠા હતા. તે જ ઝાડ પર એક વનદેવી રહેતાં





હતાં. વનદેવી રાજાના મનનો વિચાર જાણી ગયાં. વનદેવીએ તે રાત્રે સપનામાં જઈને રાજાને કહ્યું, ‘‘રાજા, તમે ચિંતા ન કરો! હું એક ઉપાય બતાવું છું. એનાથી તમારો કુંવર આ બીમારીમાંથી સાજો થઈ જશે!’’

રાજાએ સપનામાં જ વનદેવીને કહી દીધું કે તમે જે કહેશો તે હું કરીશ. વનદેવી કહે : ‘‘રાજા, નગરની બહાર ઉત્તર દિશામાં જશો તો એક જંગલ આવશે. એ જંગલમાં એક જાદુઈ વૃક્ષ છે. એ વૃક્ષ પાસે તમે રાજકુમારનો કાન રખાવશો તો વૃક્ષ રાજકુમારના કાનમાં એક મંત્ર બોલશે. એ મંત્ર સાંભળવાથી રાજકુમારની બીમારી પળવારમાં જ જતી રહેશે. રાજાએ સપનામાં વનદેવીએ જે કહ્યું હતું તે પ્રમાણે કર્યું. અને સાચે જ ચમત્કાર થયો. રાજકુમારની બીમારી છૂમંતર થઈ ગઈ. રાજકુમાર સાજા થઈ ગયા.

વનદેવી ફરી પાછી રાજાના સપનામાં આવીને બોલી- ‘‘રાજા! તમારો દીકરો તો સાજો થઈ ગયો, બદલામાં તમે મને શું આપશો?’’ રાજા કહે : ‘‘વનદેવી! તમારા દર્શાવેલા માર્ગ પર ચાલવાથી મારો કુંવર સાજો થયો છે. તમે જે કહેશો તેમ કરવા હું તૈયાર છું!’’

વનદેવી કહે : ‘‘રાજાજી! તમે મને વચન આપો કે રાજકુમારના દરેક જન્મદિવસે તમે દસ વૃક્ષ વાવશો અને તેનું જતન કરશો.’’ રાજાએ વનદેવીને વચન આપ્યું. પછી તો રાજકુમારના દરેક જન્મદિવસ પર રાજા દસ વૃક્ષ વાવતા અને તેનું જતન પણ કરતા. આથી તેમનું રાજ્ય હરિયાળું બની ગયું. વધુ વૃક્ષો વધુ વરસાદ લાવતાં આથી તેમની ખેતી ખૂબ સારી થતી અને રાજ્યની પ્રજા સમૃદ્ધ બની.

## ૬. પવાલીમાં પાંચ ઉંદરડા

એક પવાલીમાં પાંચ ઉંદરડા રહે. તેમાં એક ઉંદરડાની પૂંછડી બહુ લાંબી. તેની સાથેના ચાર ઉંદરડા કહે, "અમે તને નહીં રમાડીએ." લાંબી પૂંછડીવાળો ઉંદર બોલ્યો, "કેમ?"

પેલા ચાર ઉંદર કહે : "તારી પૂછડી લાંબી છે. એને થોડી ટૂંકી કરાવી આવ."

પોતાની પૂંછડી ટૂંકી કરાવવા ઉંદર સુથાર પાસે ગયો અને કહ્યું "સુથારભાઈ, શું કરો છો?"

સુથારભાઈ કહે : "આ જુઓ ને, નવરો જ બેઠો છું."

ઉંદર કહે : "તો મારી પૂંછડી થોડી ટૂંકી કરી આપો ને!"

સુથારભાઈએ તો પૂંછડી ટૂંકી કરી આપી.

પૂંછડી ટૂંકી કરાવી ઉંદર તો ઉછળકૂદ કરતો તેના મિત્રો પાસે ગયો. ત્યાં તો મિત્રો બોલ્યા, "એ ભાઈ, તારી પૂંછડી તો લોહીવાળી છે. અને થોડી વધુ ટૂંકી છે. ફરીથી જા અને થોડી લાંબી કરી આવ."

ઉંદર સુથાર પાસે પૂંછડી લાંબી કરાવવા ગયો. "સુથારભાઈ, મારી પૂંછડી લાંબી કરી આપો."



સુથાર કહે, ''પૂંછડી લાંબી કરતાં મને ન આવડે.''

ઉંદર કહે, ''પૂંછડી લાંબી કર, નહિ તો લાકડું લઈને ભાગું.'' એમ કહીને ઉંદર તો લાકડું લઈને ભાગ્યો. તે એક ડોશીમાના ઘરે ગયો. ઘરમાં બળતણ નહિ હોવાથી ડોશીમા તો ભૂખ્યાં બેઠાં હતાં.

ઉંદર કહે, ''માજી, લ્યો આ લાકડું.''

ડોશીમા કહે, ''લાવને ભાઈ, તારો મોટો પાડ.''

ઉંદર તો લાકડું આપીને રમવા ગયો. રમીને પાછો આવ્યો. ડોશીમાને કહે, ''માજી, મારું લાકડું આપો.''

ડોશીમા કહે, ''લાકડું તો બળી ગયું!''

ઉંદર કહે : ''લાકડું દે, નહિ તો રોટલો લઈને ભાગુ.''

ઉંદર તો રોટલો લઈને ભાગ્યો. તે માટલાં બનાવનાર લવજીભાઈ પાસે ગયો. લવજીભાઈ ભૂખ્યા તરસ્યા જ ધંધો કરતા હતા. ખૂબ ભૂખ લાગી હતી તેથી થોડા ઢીલા લાગતા હતા. ઉંદર કહે, ''લવજીભાઈ તમે કેમ ઢીલા? ખાધું નથી કે શું?''

લવજીભાઈ કહે, ''હા ભાઈ, નથી ખાધું, ભૂખ્યો જ છું!'' ઉંદર કહે, ''તો લ્યો આ રોટલો ખાઈ લો.'' લવજીભાઈ કહે, ''અરે ભાઈ, તો તો તારો મોટો પાડ.'' લવજીભાઈ તો રોટલો ખાઈ ગયા. ઉંદર રમીને આવ્યો. લવજીભાઈને કહે, ''લાવો મારો રોટલો.'' લવજીભાઈ કહે, ''એ તો હું ખાઈ ગયો.'', ઉંદર કહે, ''રોટલો આપ, નહિતર માટલું લઈને ભાગું.'' આમ કહી ઉંદર માટલું લઈને ભાગ્યો. તે તો ગયો ગંગાબેન પાસે. ગંગાબેનને તો ઝાંખુ દેખાય એટલે માટલું શોધતાં હતાં. ઉંદર કહે, ''માડી, શું ગોતો છો?'' ગંગાબેન કહે, ''માટલું.''



ઉંદર કહે, ''લ્યો ને આ માટલું''

ગંગાબેન કહે, ''તારો મોટો પાડ.''

ગંગાબેન તો ભેંસ દોહી, માટલું લઈને ચાલતાં થયાં અને થાંભલીએ અથડાણાં. અથડાવાથી માટલું ફૂટી ગયું ને દૂધ ઢોળાઈ ગયું! ઉંદર આવીને ગંગાબેનને કહે, ''મારું માટલું આપો.''

ગંગાબેન કહે, ''અરેરે! માટલું તો ફૂટી ગયું ને દૂધ પણ ઢોળાઈ ગયું.'' ઉંદર કહે, ''માટલું આપો નહિતર ભેંસ લઈને ભાગુ.'' આવું કહીને ઉંદરે તો ભેંસ લીધી ને ભાગ્યો.

રસ્તામાં તેને દોડાદોડ આવતાં રાધાબેન સામે મળ્યાં. ઉંદરભાઈ કહે, ''કેમ રાધાબેન, આમ હાંફળાં-ફાંફળાં કેમ છો ?'' રાધાબેન કહે, ''મારો મુનિયો દૂધ માટે રડે છે.'' ઉંદર કહે, ''લ્યો આ ભેંસ દોહીને દૂધ પીવડાવી દો.''

રાધાબેને ભેંસ દોહીને મુનિયાને દૂધ પીવડાવ્યું અને ભેંસને ચરવા મૂકી. ઉંદર રમીને આવ્યો અને જોયું તો મુનિયો આનંદથી રમતો હતો. રાધાબેન કહે, ''આવો આવો ઉંદરભાઈ'' ઉંદરભાઈ તો મુનિયા સાથે રમે ને મોજ - મજા કરે.

□

## 6. કાગડો અને કોઠીમડું

એક હતું કોઠીમડું.
એ વાડેવાડે દડ્યું જતું હતું.
ત્યાં એક કાગડો ઊડતો - ઊડતો આવ્યો.
કોઠીમડાને જોઈ કાગડાને તો ખાવાનું મન થઈ ગયું.
કાગડો પોતાની ચાંચ લાંબી કરીને જ્યાં કોઠીમડાને ખાવા જાય ત્યાં તો કોઠીમડું કહે :
''બાપુ! આવી ગંદી ચાંચે મને ન ખવાય.
ક્યાંકથી પાણી લઈ ધોઈ આવ.''
કાગડો તો ચાંચ ધોવા કૂવા પાસે ગયો. જઈને કૂવાને કહે :
કૂવા, કૂવા, કૂવાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો પાણીડાં,
ધોઉં ચાંચુડી,
ખાઉં કોઠીમડું,
કરડક કરડક.



કૂવો કહે : ''પાણી જોઈતું હોય તો કુંભારને ત્યાંથી ઘડુલો લઈને આવ ને પાણી સિંચી લે.''

કાગડો તો ઊડતો ઊડતો કુંભારવાડે ગયો. જઈને કુંભારને કહે :

કુંભાર, કુંભાર, કુંભારદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો ઘડુલો,
સિંચું પાણીડાં,
ધોઉં ચાંચુડી,
ખાઉં કોઠીમડું,
કરડક કરડક



કુંભાર કહે : ''માટી લઈ આવે તો રૂપાળો ઘડુલો ઘડી દઉં.''

કાગડો તો ગયો માટીના ટીંબા પાસે, જઈને ટીંબાને કહે :

ટીંબા, ટીંબા, ટીંબાદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો માટુડી,
આપું કુંભારને,
ઘડે ઘડુલો,
સિંચું પાણીડાં,
ધોઉં ચાંચુડી,
ખાઉં કોઠીમડું,
કરડક કરડક



ટીંબો કહે : ''મરગલાની શિંગડીથી ખોદી લો! ના કોણ પાડે છે?''

કાગડો તો ઊડતો-ઊડતો ગયો મરગલા પાસે.

મરગલાને કહે,

''મરગ, મરગ, મરગદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
ઉપાડો શિંગલડી,
ખોદો માટુડી
આપું કુંભારને,



ઘડે ઘડુલો,

સિંચું પાણીડાં,

ધોઉં ચાંચુડી,

ખાઉં કોઠીમડું,

કરડક કરડક.

મરગ કહે : ''કાગડાભાઈ! હું ભૂખ્યું છું, મારો મિત્ર કૂતરો પણ ભૂખ્યો બેઠો છે! તમે કૂતરાને પૂછી જુઓ. અમે બંને સાથે મળીને માટી ખોદી આપીએ!''

કાગડાભાઈ તો કૂતરા પાસે ગયા ને કહે,

''કુત્તા, કુત્તા, કુત્તાદેવા!

આંગણ આવ્યા કાગદેવા.

બોલે, મરગલા :

ખોદો માટુડી,

દઉં કુંભારને,

ઘડે ઘડુલો,

સિંચું પાણીડાં,

ધોઉં ચાંચુડી,

ખાઉં કોઠીમડું,

કરડક કરડક



કૂતરો કહે : ''ભાઈ! હું ને મરગલો બહુ ભૂખ્યા છીએ. માટે ગાયનું દૂધ લાવી દો તો દૂધ પીને કામે લાગીએ.'' કાગડાભાઈ તો ગાય પાસે ગયા ને કહે-

''ગવરી, ગવરી, ગવરીદેવા!
આંગણ આવ્યા કાગદેવા.
આલો દૂધલડાં,
પાઉં કુત્તલા,
પીએ મરગલા,
ખોદે માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડુલો,
સિંચું પાણીડાં,
ધોઉં ચાંચુડી,
ખાઉં કોઠીમડું,
કરડક કરડક.



ગાય કહે : ''હું બહુ ભૂખી છું. મને સારી પેઠે ખડ ખવડાવીને દૂધ દોહી લે.''
પછી કાગડો સીમમાં ખડ લેવા ગયો. જઈને સીમને કહે...

સીમ, સીમ, સીમદેવા!
આંગણ આવ્યા કાગદેવા,
આલો ખડલાં,
નીરું ગવરીને,
દોઉં દૂધલડાં,
પાઉં કુત્તલા,
પીએ મરગલા,
ખોદે માટુડી,
દઉં કુંભારને,
ઘડે ઘડુલો,
સિંચું પાણીડાં,
ધોઉં ચાંચુડી,



ખાઉં કોઠીમડું,

કરડક કરડક.

સીમ કહે : ''ભાઈ! લુહારને ત્યાંથી દાતરડું લઈ આવ અને ખડ વાઢી લે.''

કાગડો લુહાર પાસે ગયો, જઈને લુહારને કહે :

લુહાર, લુહાર, લુહાર દેવા!

આંગણ આવ્યા કાગદેવા.

આલો દાતરડાં,

વાઢું ખડલાં,

નીરું ગવરીને,

દોઉં દૂધલડાં,

પાઉં કુત્તલા,

પીએ મરગલા,

ખોદે માટુડી,

દઉં કુંભારને,

ઘડે ઘડુલો,

સિંચું પાણીડાં,

ધોઉં ચાંચુડી,

ખાઉં કોઠીમડું,

કરડક કરડક.



લુહાર કહે : ''લે આ દાતરડું.''

કાગડો દાતરડું લઈને સીમમાં ગયો. ત્યાંથી ખડ લઈને ગાયને ખવરાવ્યું. દૂધ લઈને કૂતરા અને મરગલાને દૂધ પીવડાવી માટી લીધી. કુંભાર પાસેથી ઘડુલો લીધો. કૂવામાંથી પાણી કાઢીને પોતાની ચાંચ ધોઈ સાફ કરીને કોઠીમડું ખાધું.

કરડક...કરડક.

□

# 7. લખ્યાબારું કરવું નહિ !

એક હતો વેપારી.

વેપારી હતો ભલો ને ભોળો. લોકો તેને સાવ ગાંડો ગણતા હતા. આ વેપારીને એક નાની દુકાન હતી. તે શીંગ, ચણા, દાળિયા, રેવડી વેચીને સાંજ પડ્યે પેટજોગું રળી લેતો.

એક વખત રાતે દુકાન બંધ કરી તે ઘરે જતો હતો. રસ્તામાં તેને ચોર મળ્યા.



વેપારી ચોરને કહે : ‘‘અલ્યા, આવી મોડી રાત્રે કોણ છે?’’ ચોર કહે : ‘‘એ તો અમે વેપારી. તું આમ ટપારે છે શાનો?’’

વેપારી કહે : ‘‘અલ્યા, વેપારી તો હું છું. પણ મારા વેપારમાં મારું પૂરું થતું નથી. તમે શાનો વેપાર કરો છો?’’

ચોર કહે : ‘‘જઈએ તો છીએ માલ ખરીદવા.’’

વેપારી કહે : ‘‘રોકડેથી કે ઉધાર?’’

ચોર કહે : ‘‘રોકડેય નહિ ને ઉધારેય નહિ! પૈસા દીધા વિના જ!’’

વેપારી કહે : ‘‘અરે, તમારો આવો વેપાર તો બહુ જબરો કહેવાય. મનેય સાથે લેતા

જાઓ, આમ પણ વેપારમાં મારું ગુજરાન ચાલતું નથી.''

ચોર કહે : ''ચાલને ભાઈ! અમારે ક્યાં તને તેડીને લઈ જવો છો? તનેય લાભ તો થશે જ.''

વેપારી કહે : ''એ તો ઠીક, પણ વેપાર કેમ કરવો એ તો સમજાવો.''

ચોર કહે : ''લે કાગળ ને લખ... કોઈના ઘરની પછીતે.''

વેપારી કહે : ''લખ્યું, કોઈના ઘરની પછીતે...''

ચોર કહે : ''હળવે હળવે કાણું પાડવું.''

વેપારી કહે : ''લખ્યું, હળવે હળવે કાણું પાડવું...''

ચોર કહે : ''લખ, ધીમેધીમે ઘરમાં ઘૂસવું.''

વેપારી કહે : ''લખ્યું, ધીમેધીમે ઘરમાં ઘૂસવું.''

ચોર કહે : ''લખ, જે જોઈએ તે ભેગું કરવું.''

વેપારી કહે : ''લખ્યું, જે જોઈએ તે ભેગું કરવું.''

ચોર કહે : ''લખ, ન ઘરધણીને પૂછવું કે ન પૈસા દેવા.''

વેપારી કહે : ''લખ્યું, ન ઘરધણીને પૂછવું કે ન પૈસા દેવા.''



ચોર કહે : ''લખ, પછી લઈને ઘર ભેગા થવું.''

વેપારી કહે : ''લખ્યું... લઈને ઘર ભેગા થવું.''

વેપારીએ તો આ બધું લખ્યું ને કાગળ ખિસ્સામાં મૂક્યો. પછી બધા સાથે ચોરી કરવા ચાલ્યો.

ચોર બધા એક ઘરમાં ચોરી કરવા ગયા અને આ વેપારી બીજા ઘરમાં ચોરી કરવા ગયો.

ત્યાં વેપારીએ ખિસ્સામાંથી કાગળ કાઢ્યો અને વાંચ્યું. : તેમાં લખ્યું હતું -

''કોઈના ઘરની પછીતે,
હળવે હળવે કાણું પાડવું,
ધીમેધીમે ઘરમાં ઘૂસવું,
જે જોઈએ તે ભેગું કરવું,
ન ઘરધણીને પૂછવું કે-
ન ઘરધણીને પૈસા દેવા,
લઈને ઘર ભેગા થવું.''

વેપારીએ તો બરાબર કાગળ પ્રમાણે કર્યું. પહેલાં પછીતે કાણું પાડ્યું. પછી ધીમેધીમે ઘરમાં ગયો અને પછી દીવો કર્યો અને કોથળો શોધી તેમાં તાંબા-પિત્તળનાં વાસણો ભરવા લાગ્યો. એમ કરતાં એક મોટો તાસ નીચે પડ્યો અને ખખડાટ થયો. ઘરના બધા માણસો જાગી ગયા.

બધાએ આ વેપારીને પકડ્યો અને ભેગા મળી સૌ તેને મારવા લાગ્યા.

પણ વેપારી તો કૂદતો જાય અને કહેતો જાય...

''એય લખ્યાબારું કરવું નહિ, લખ્યાબારું કરવું નહિ.''

બધા વિચારમાં પડી ગયા અને તેને પૂછવા લાગ્યા : ''અલ્યા, તું આ શું બોલે છે?''

વેપારી કહે : ''લ્યો આ કાગળિયું ને વાંચો, એમાં જુઓ લખ્યું છે ક્યાંય મારવાનું? આ તો તમે લખ્યાબારું કરો છો, લખ્યાબારું કરવું નહિ, લખ્યાબારું કરવું નહિ.''

પછી તો ઘરના બધા માણસો આ વાત સમજી ગયા અને એકબીજા સામે જોઈ જોરથી હસી પડ્યા અને પેલા વેપારી પાસેથી કાગળિયું આંચકી લઈ તેને માર્યા વિના જવા દીધો.

## 8. બોલે તે બે ખાય !

લાડુપુર નામનું ખૂબ જ રળિયામણું ગામ. એ ગામમાં રહે જગુ અને મગુ. બંને પાકા ભાઈબંધ.

જગુ અને મગુ મનમાં વિચાર કરે છે, કે આપણા ને આપણા ઘરમાં જમીજમીને થાકી ગયા છીએ. ચાલોને ક્યાંક મહેમાનગતિ માણવા જઈએ! મહેમાનગતિ માણવા ક્યાં જવું તે વિશે બંને વિચારવા લાગ્યા. જગુએ કહ્યું કે, ''ચાલને, આપણે મારા મામાના ઘરે જઈએ, બંને ભાઈબંધ ઉપડ્યા ચંદુમામાના ઘરે.''

ચંદુમામા તો જગુ અને તેના ભાઈબંધને જોઈને ખૂબ જ ખુશ થઈ ગયા. મામીએ કહ્યું કે, ''મેહ અને મહેમાન બંનેનું હરખથી સ્વાગત કરવું જોઈએ. જગુ, હું તો આજે ખૂબ જ રાજી થઈ છું.'' પછી કહ્યું, ''જગુ! તમે બધાં બાળકો થોડી વાર બહાર રમો એટલામાં હું તમારે માટે રસોઈ બનાવીને તૈયાર રાખું છું.'' મામીએ તો ભાતભાતનાં ભોજન બનાવ્યાં.

જગુ તો ખૂબ જ હોશિયાર. એ રસોડામાં આમતેમ જોવા લાગ્યો ત્યારે એને ખ્યાલ આવ્યો કે લાડવા તો પાંચ જ છે! બંને ભાઈબંધ મૂંઝાયા. ''હવે શું કરવું?'' બંનેને સરખા ભાગે લાડવા ખાવા મળશે નહિ! મગુએ કહ્યું કે, ''ચાલ, શરત લગાવ કે જે બોલે તે બે લાડવા ખાય. બોલ, છે મંજૂર?'' જગુએ કહ્યું, ''બરાબર છે!'' અને બંને એક રૂમમાં જઈને છાનામાના સૂઈ ગયા. ભોજન તૈયાર થતાં ચંદુમામા જગુમગુને બોલાવવા ગયા. જોયું તો બંને એક રૂમમાં સૂતેલા પડ્યા છે. બંનેમાંથી કોઈ કશું બોલે જ નહિ.

ચંદુમામા તો ગભરાઈ ગયા. ચંદુમામાએ તો 108માં ફોન કર્યો અને કહ્યું કે જલદીથી





આ સરનામા પર મારા ઘરે આવો. મારા ભાણેજની તબિયત બરાબર નથી. બિચારા મારા ઘરે આવ્યા અને આવા બીમાર થઈ ગયા છે. જલદીથી તેમને હોસ્પિટલ પહોંચાડો. મને ખૂબ જ ડર લાગે છે. થોડી વારમાં જ 108 આવી. ફટાફટ જગુ અને મગુને સ્ટ્રેચર પર સુવડાવી હોસ્પિટલમાં લાવ્યા. છતાં બંનેમાંથી કોઈ કંઈ બોલે નહિ! લાડવા તો ત્રણ જ ખાવા એમ વિચારી બંનેમાંથી કોઈ કંઈ બોલતું નહોતું. હોસ્પિટલના બેડમાં સૂતાંસૂતાં પણ જગુમગુ કંઈ બોલે નહિ, માત્ર મનમાં વિચારો કરતા હતા.

મરકમરક મનમાં હસે
બોલે નહિ એ કાંઈ,
બોલે એના બે થશે
ન બોલે, ત્રણ ખાય.

ડોક્ટરે આખા શરીરની તપાસ કરી અને પછી કહ્યું, ‘‘આમ તો કોઈ જાતની તકલીફ દેખાતી નથી. પણ મને લાગે છે કે જીભમાં કોઈ તકલીફ હશે. એટલે જગુ-મગુ કંઈ બોલી શકતા નથી. એમની જીભમાં એક ઇન્જેક્શન આપીએ તો જ તે બંને બોલી શકે.’’ ડોક્ટરે સોય લગાવીને ઇન્જેક્શન ભર્યું તોય બંનેમાંથી કોઈ કાંઈ બોલે નહિ! ડોક્ટર ઇન્જેક્શન આપવા આવ્યા ત્યારે મગુ ડરી ગયો! ‘‘ઓ બાપ રે! આ સોય ખાવી એના કરતાં બે લાડવા ખાવા સારા!’’ તેણે તો તરત જ રાડ પાડી. ‘‘જગુ તારા ત્રણ! આ વગર વાંકે સોય ખાવી એના કરતાં તો બે લાડવા ખાવા સારા!’’

## 9. સાંભળો છો દડભંજનજી ?

એક મોટું જંગલ હતું. જંગલમાં એક શિયાળ અને શિયાળવી રહેતાં હતાં.

એક વખતે શિયાળવી શિયાળને કહે, ''આપણા ઘરે હવે બચ્ચાં પણ છે તો હવે રહેવા માટે ક્યાંક સારું ઘર શોધી કાઢો.'' શિયાળ તો જંગલમાં ઘર શોધવા નીકળી પડ્યો. શિયાળે રસ્તામાં સાવજની બોડ જોઈ, એણે તો શિયાળવીને બોલાવીને બોડ બતાવી.

શિયાળવી કહે : ''પણ આ તો સાવજની બોડ છે, એમાં તે કેમ રહેવાય? સાવજ આવે તો આપણને અને બચ્ચાંને ખાઈ ન જાય?''



શિયાળ કહે : ''તું તારે બોડમાં ચિંતા કર્યા વગર રહે. હું કહું તેમ કરીશ તો વાંધો નહીં આવે.''

શિયાળ-શિયાળવી અને તેમનાં બચ્ચાં બોડમાં રહેવા લાગ્યાં. થોડી વાર પછી ત્યાં સાવજ આવતો દેખાયો. શિયાળ બોડને મોઢે જ બેઠો હતો. તેણે સાવજને આવતો જોઈ શિયાળવીને કહ્યું, ''આપણે કોઈ યુક્તિ કરવી પડશે!''

સાવજ બોડની પાસે આવ્યો. પહેલાંથી ગોઠવણ કરી રાખેલી તે મુજબ બેઉ જણાં વાતો કરવા લાગ્યાં.

"સાંભળો છો ભડદંજનભાઈ?"

"શું કહો છો દડભંજનભાઈ?"

"બચ્ચાં રુએ છે શા માટે?"

"સાવજના તે કાળજા માટે."

આ સાંભળી સાવજ ચમક્યો. ત્યાં તો વળી શિયાળ બોલ્યો : "આ આવે સાવજ. હમણાં જ એનું કાળજું લાવું છું."

સિંહે આ વાત સાંભળી. તેને થયું : "જરૂર મારા કરતાં કોઈ બળિયો બોડમાં આવીને બેઠો છે. એનાં બચ્ચાં મારું કાળજું ખાવા માટે રુએ છે, ત્યારે એ તો કોણ જાણે કેવોય જબરો હશે!"

સિંહ તો ઊભી પૂંછડીએ નાઠો.

રસ્તામાં વાંદરાજી મળ્યા. વાંદરો કહે, "સિંહભાઈ, સિંહભાઈ! આમ હાંફળા-ફાંફળા ક્યાં ભાગ્યા?"

સાવજ કહે : "ભાઈ! મારી બોડમાં કો'ક આવ્યું છે. એનાં બચ્ચાં મારા કાળજા માટે રુએ છે. કો'ક ભારે લાગે છે. હું તો જીવ લઈને ભાગ્યો છું."

વાંદરો કહે : "એવું તે હોય? સવાજથી કોણ મોટું છે? ચાલો આપણે તપાસ કરીએ."

સાવજ કહે : "ના રે ભાઈ, મારે તો તપાસ પણ નથી કરવી!"

વાંદરો કહે : "ચાલો તો ખરા! ત્યાં તો શિયાળ, શિયાળવી અને બચ્ચાં જ છે."



સાવજ કહે : ''ના રે! મારે તો નથી આવવું.''

વાંદરો કહે : ''એમાં બીવા જેવું કશું જ નથી! તમને ખાતરી ન થતી હોય તો આવો, આપણે આપણી પૂંછડીઓ બાંધીને પછી સાથે જઈએ!''

સિંહ અને વાંદરો તો પૂંછડાં બાંધીને ચાલ્યા.

દૂરથી સિંહ અને વાંદરાને આવતા જોઈને વળી શિયાળ બોલ્યો. - ''સાંભળો છો, ભડદંજનભાઈ ?'' અંદરથી જવાબ મળ્યો : ''શું કહો છો, દડભંજનભાઈ?'' શિયાળે ફરીવાર પૂછ્યું : ''બચ્ચાં રુએ છે શા માટે?'' બોડમાંથી શિયાળવી બોલી : ''સાવજના તે કાળજા માટે.''

શિયાળે મોટા સાદે કહ્યું :

''વાંદરો ભાઈબંધ આવે છે,

સાવજનાં કાળજાં લાવે છે!

વાંદરો ભાઈબંધ આવે છે,

સાવજનાં કાળજાં લાવે છે!''

સાવજ કહે : ''માર્યા! આ વાંદરો તો એનો ભાઈબંધ લાગે છે ને મને ફોસલાવીને મરાવી નાખવા લઈ જાય છે!''

પછી તો સિંહ જીવ લઈને ભાગ્યો. વાંદરો પાછળ જાય ઢસડાતો! વાંદરો શું કરે? સિંહની પૂંછડી સાથે પોતે પૂંછડી બાંધી હતી એટલે જાય ક્યાં? આગળ સિંહ ને પાછળ વાંદરો! ખૂબ દૂર સુધી નીકળી ગયા.

શિયાળ અને શિયાળવી તો બોડમાં નિરાંતે બચ્ચાં સાથે રહેવા લાગ્યાં. ખાધું, પીધું, ને મજા કરી.

# 10. ખડબડ ખડબડ ખોદત હૈ



એક હતા તભાભાઈ. તે બહુ જ ગરીબ. એક વાર તેમની પત્ની ગંગાએ કહ્યું : ''હવે તો તમે કાંઈક કામધંધો કરો! છોકરાં કોઈ કોઈ વાર તો ભૂખ્યાં રહે છે! જોતા નથી, ધાનને ને દાંતને વેર થઈ ગયું છે!''

તભાભાઈ કહે : ''પણ કરું શું? ગંગા, તને કંઈક આવડતું હોય તો કહે ને!'' ગંગા ભણેલી હતી. એણે કહ્યું - ''લ્યો, હું એક શ્લોક તમને મોઢે કરાવું છું. તમે રાજા પાસે જઈને ગાજો, રાજા તમને જરૂર રાજી કરશે. પણ હા, શ્લોક ભૂલી ન જતા!''

તભાભાઈને ગંગાએ શ્લોક મોઢે કરાવ્યો. તભાભાઈ તે શ્લોક બોલતા-બોલતા રાજા પાસે જવા નીકળ્યા.

રસ્તામાં એક નદી આવી. ત્યાં તભાભાઈ નાહવા, ધોવા અને ભાતું ખાવા રોકાયા. એમાં ને એમાં એ તો શ્લોક ભૂલી ગયા! યાદ કરવા મથ્યા, પણ કશું યાદ ન આવ્યું. એટલામાં એક જળકૂકડીને ખોદતી જોઈને તેમને મનમાં એક કડી સૂઝી. તે બોલવા લાગ્યા. ''ખડબડ ખડબડ ખોદત હૈ'' ત્યાં એક કૂકડી પણ લાંબી ડોક કરીને ચારેકોર જોતી હતી. એટલે વળી

તભાભાઈના મનમાં સૂઝ્યું : ''લાંબી ડોકે જોવત હૈ''

તભાભાઈ બીજીવાર બોલ્યા એટલે કૂકડી બીકથી છાનીમાની લપાઈને બેસી ગઈ. આ જોઈ તભાભાઈના મનમાં ત્રીજી કડી આવી : ''કુકડમુકડ બેઠત હૈ.''

તભાભાઈ બોલ્યા એટલે કૂકડી તો દોટ મૂકીને પાણીમાં જતી રહી. આ જોઈ તભાભાઈ તો ચોથી કડી બોલ્યા : ''દડબડ દડબડ દોડત હૈ.''

તભાભાઈને તો બીજો જ શ્લોક હાથ લાગી ગયો. તે તો જાણે આ જ શ્લોક પોતાને શીખવ્યો હોય એમ માનીને બોલતા બોલતા આગળ ચાલ્યા :

''ખડબડ ખડબડ ખોદત હૈ''



''લાંબી ડોકે જોવત હૈ''

''કુકડમુકડ બેઠત હૈ''

''દડબડ દડબડ દોડત હૈ''

તભાભાઈ તો રાજાના દરબારમાં ગયા અને રાજાને શ્લોક સંભળાવ્યો. રાજાએ તો આ વિચિત્ર અને નવો શ્લોક ઉતારી લીધો. પણ રાજા કે કચેરીમાંથી કોઈ આ શ્લોકનો અર્થ કરી શક્યું નહિ. તભાભાઈ રાજનાં સીધાપાણી ખાય અને સુખેથી રહે! રાજા તો શ્લોકનો અર્થ વિચારવા રોજ રાતના બાર વાગે ઊઠે અને એકાંતમાં નિરાંતે શ્લોકનું ચરણ બોલતા જાય, ને અર્થનો વિચાર કરતા જાય.

એક રાત્રિએ ચાર ચોર રાજાના મહેલમાં ચોરી કરવા નીકળ્યા. તેઓ રાજાના મહેલ પાસે જઈને ખોદવા લાગ્યા. બરાબર રાતના બાર વાગ્યા હતા. રાજા આ વખતે પહેલી કડીનો વિચાર કરતા હતા. પેલા ચોર ખોદતા હતા, તેમના કાને રાજાનો બોલ આવ્યો :

''ખડબડ ખડબડ ખોદત હૈ''

ચોરે મનમાં વિચાર કર્યો કે રાજા નક્કી જાગે છે અને બોલે છે. આની ખાતરી કરવા એક ચોર લાંબી ડોક કરીને ઓરડામાં જોવા લાગ્યો. ત્યાં તો રાજા બીજી કડી બોલ્યા :

''લાંબી ડોકે જોવત હૈ''

આ સાંભળી જે ચોર બારીમાંથી જોતો હતો તેને ખાતરી થઈ કે રાજા જાગે છે. બધા છાનામાના સંતાઈને બેસી ગયા. રાજા ત્રીજી કડી બોલ્યા :

''કુકડમુકડ બેઠત હૈ''

ચારેય ચોરના મનમાં થયું કે હવે ભાગો! રાજા આ બધું જાણે છે અને જુએ પણ છે. હવે જરૂર પકડાઈ જઈશું.

તેઓ બીકના માર્યા એકદમ દોડ્યા. ત્યાં તો રાજાએ ચોથા ચરણનો ઉચ્ચાર કર્યો :

''દડબડ દડબડ દોડત હૈ''

હવે ચોર તો હતા રાજાના દરવાનો જ! વાડે જ ચીભડાં ગળ્યાં હતાં! તેઓ જ રાજાના ચોકીદાર હતા. દરવાનોની દાનત બગડી તેથી ચોરી કરવાનો વિચાર આવેલો.

ચોર તો ઘરે ભાગી ગયા. બીજા દિવસે કચેરી ભરાઈ ત્યારે રાજાની સલામીએ ન ગયા. તેમને લાગ્યું કે નક્કી રાજાજી બધું જાણી ગયા છે ને દરવાનોને ઓળખી લીધા છે.

દરવાનોને સલામે ન આવેલા જોઈને રાજાએ પૂછ્યું : ''આજે દરવાનો કચેરીમાં કેમ નથી આવ્યા? ઘરે કોઈ સાજું માંદુ તો નથી થયું ને?''

રાજાએ બીજા સિપાઈઓને દરવાનોને તેડવા મોકલ્યા. કચેરીમાં દરવાનો આવ્યા અને સલામ કરી ઊભા રહ્યા.

રાજાએ જોરથી પૂછ્યું : ''તમે આજે કચેરીમાં કેમ નહોતા આવ્યા?'' દરવાનો ધ્રૂજવા લાગ્યા. તેમને તો ખાતરી જ હતી કે રાજા બધી વાતો જાણી ગયા છે. ખોટું બોલશું તો વધારે માર્યા જશું એમ વિચારીને તેમણે રાતે બનેલી બધી વાત કહી દીધી.

રાજા તો આ બધું સાંભળી વિસ્મય પામ્યા. તેમને થયું કે આ તો પેલા તભાભાઈના શ્લોકનો પ્રતાપ. શ્લોક તો ભારે ચમત્કારી! તભાભાઈ ઉપર રાજા ખુશખુશ થઈ ગયા. તેમણે તભાભાઈને બોલાવ્યા. સારું ઈનામ આપી વિદાય કર્યા.

તભાભાઈને તો સારો એવો સરપાવ મળ્યો. શ્લોકનો અર્થ કહેવાની પંચાતમાં પડ્યા વિના સીધા તે ઘરભેગા થઈ ગયા. ગંગા તો તભાભાઈની વાત સાંભળીને રાજી રાજી થઈ ગઈ. પછી તો એમણે ખાધું, પીધું ને મોજ કરી.

## 11. છેતરનારો છેતરાયો !

એક હતી નદી. તેમાં એક મગર રહે. એકવાર ઉનાળામાં નદીનું પાણી સાવ સુકાઈ ગયું. પાણીનું ટીપુંય ન મળે. મગરને તો જીવ જતો હોય એવું લાગે! મગર હાલીયે ન શકે ને ચાલીયે ન શકે.

ત્યાંથી એક માણસ જતો હતો. એનું નામ છબીલો.

મગર કહે : ''છબીલાભાઈ, ઓ છબીલાભાઈ! મને પાણીમાં લઈ જાઓ ને! ભગવાન તમારું ભલું કરશે.''

છબીલો કહે : ''લઈ જાઉં તો ખરો. પણ પાણીમાં લઈ જાઉં ને તું મને પકડી લે, તો?''

મગર કહે : ''અરે! હું તમને પકડું? એમ તો બને જ કેમ?''

પછી છબીલો તો મગરને ઉપાડીને પેલા ખાડા પાસે લઈ ગયો ને પાણીમાં નાખ્યો.

પાણીમાં પડતાંની સાથે જ મગર પાણી પીવા લાગ્યો. છબીલો એ જોતો-જોતો ઊભો હતો, એટલામાં મગરે પાછા વળી છબીલાનો પગ પકડ્યો.

છબીલો કહે : ''તેં તો કબૂલ કર્યું હતું ને કે તું મને ખાઈશ નહીં? હવે કેમ મને



પકડે છે ?''

મગર કહે : ''જો હું ખરેખર તને પકડત જ નહિ, પણ ભૂખ એટલી બધી લાગી છે કે ખાધા વિના મરી જઈશ. એટલે પાછી તારી મહેનત નકામી જાય ને!''

મગર છબીલાને પાણીમાં ખેંચવા લાગ્યો.

છબીલો કહે : ''જરા ઊભો રહે, આપણે કોઈની પાસે ન્યાય કરાવીએ.''

મગરે મનમાં વિચાર્યું : ''ભલે ને જરા ગમ્મત થાય!''

એણે તો છબીલાનો પગ મજબૂત રીતે પકડી રાખ્યો ને બોલ્યો : ''પૂછ, ગમે એને પૂછી લે તું તારે!''

એક ઘરડી ગાય ત્યાંથી જતી હતી.

છબીલાએ એને બધી વાત કહી ને પૂછ્યું : ''તું જ કહે ને બહેન! આ મગર તો હવે મને જ ખાય છે, એ તે કાંઈ ઠીક કહેવાય?''

ગાય કહે : ''મગરભાઈ! ખાઈ જા, એ છબીલાને! આ માણસ જાત જ ખરાબ છે, અમે દૂધ દઈએ ત્યાં સુધી રાખે, ને ઘરડાં થયાં કે કાઢી મૂકે, કેમ છબીલા? આ યોગ્ય છે?''

મગર છબીલાને જોરથી ખેંચવા લાગ્યો.

છબીલો કહે : ''જરા થોભી જા : બીજા કોઈને આપણે પૂછીએ.''

ત્યાં એક લૂલો ઘોડો ચરતો હતો.

છબીલાએ બધી વાત તેને કરી અને કહ્યું : ''કહે ભાઈ, આ ઠીક છે?''

ઘોડો કહે : ''મહેરબાન! સારું નહિ ત્યારે શું ખરાબ? મારી સામું તો જો! મારા ધણીએ આટલાં વરસ મારી પાસે ચાકરી કરાવી ને હું લંગડો થયો એટલે મને કાઢી મૂક્યો! માણસની જાત જ એવી છે. મગરભાઈ! ખુશીથી ખાઓ એને.''

મગર તો છબીલાનો પગ વધારે ને વધારે જોરથી ખેંચવા લાગ્યો.

છબીલો કહે : ''જરાક થોભ. હવે એક જ જણને પૂછીએ. પછી તું મને ખાજે.''

ત્યાંથી નીકળ્યું એક શિયાળ.

છબીલો કહે : ''શિયાળભાઈ! જરા અમારો એક ન્યાય કરશો?''

દૂરથી શિયાળે કહ્યું : ''શું છે ભાઈ?''

શિયાળ એકદમ સમજી ગયું કે મગરનો વિચાર છબીલાને ચટ કરી જવાનો છે. તે બોલ્યું : ''હેં ? હેં છબીલા? ત્યાં કોરી જગ્યાએ તું પડ્યો હતો?''

મગર કહે : ''ના રે ના, ત્યાં તો હું પડ્યો હતો!''

શિયાળ કહે : ''હં હં, મને બરાબર સમજાયું નહોતું. ઠીક, પછી શું થયું?''

છબીલાએ વાત આગળ ચલાવી.

શિયાળ કહે : ''શું કરું? મારી અક્કલ ચાલતી નથી; કાંઈ સમજાતું નથી. ફરીથી બરાબર કહે. પછી શું થયું?''

મગર જરા ચિડાઈને બોલ્યો : ''જો હું કહું છું તે સાંભળ. હું ત્યાં પડ્યો હતો.''

શિયાળ જરા માથું ખંજવાળતું વળી બોલ્યું : ''ક્યાં ? કેવી રીતે?''

મગર કહેવાના તોરમાં આવ્યો એટલે એણે છબીલાનો પગ છોડ્યો અને ક્યાં અને કેવી રીતે પડ્યો હતો તે બતાવવા લાગ્યો.

તરત જ શિયાળે છબીલાને ઈશારો કર્યો કે 'ભાગ'!

છબીલો ભાગ્યો ને શિયાળ પણ ભાગ્યું.

પછી ભાગતાં-ભાગતાં શિયાળ બોલ્યું : ''મગરરાજા! હવે સમજાયું? તું કેવી રીતે પડ્યો હતો તે? કહે જોઈએ, પછી શું થયું?''

મગર તરફડતો પડી રહ્યો ને શિયાળ પર દાંત કચકચાવવા લાગ્યો. તેણે મનોમન નક્કી કર્યું કે આ શિયાળની લુચ્ચાઈને કોઈકવાર હું જોઈ લઈશ!''

થોડા દિવસ ગયા પછી વરસાદ આવ્યો. નદીમાં ખૂબ પૂર આવ્યું. મગર જઈને નદીમાં રહેવા લાગ્યો. એક દિવસ શિયાળ નદીમાં પાણી પીવા આવતું હતું. મગરે તેને દૂરથી જોયું. મગર કિનારા ઉપર જઈને ગારામાં બરાબર લપાઈને બેઠો. ન હાલે કે ન ચાલે. માત્ર બે આંખો ઉઘાડી રાખી હતી. શિયાળે એના ડોળા ભાળ્યા ત્યાંથી જરા દૂર જઈને એ ઊભું રહ્યું ને હસીને બોલ્યું :

''નદીનાળાના ગારાને આવ્યા બે ડોળા;
નદીનાળાના ગારાને આવ્યા બે ડોળા!''

મગરે એક આંખ મીંચી દીધી.

શિયાળ આંખો મીંચકાવીને બોલ્યું.

''નદીનાળાના ગારામાં રહ્યો એક ડોળો;
નદીનાળાના ગારામાં રહ્યો એક ડોળો!''

મગરે બન્ને આંખ મીંચી દીધી.

શિયાળ બોલ્યું : ''ઓહો!''

''નદીનાળાના ગારાના ગયા બેય ડોળા;

નદીનાળાના ગારાના ગયા બેય ડોળા!''

મગર સમજી ગયો કે, ''આ શિયાળે મને ઓળખી લીધો છે. આજે મેળ નહિ પડે! ફરી કોઈ વાર વાત.'' ઘણા દિવસ વીતી ગયા. એકવાર શિયાળ નદીમાં પાણી પીતું હતું. સરરરરરરર કરતો મગર એની પાસે આવ્યો અને શિયાળનો પગ પકડ્યો.

શિયાળને થયું : ''હવે તો જરૂર મર્યા! આ તો મગરના સપાટામાં આવ્યા.''

પણ તે કાંઈ ગભરાઈ જાય એવું નહોતું. ખડખડ હસીને બોલ્યું : ''અરે મૂર્ખ! મારો પગ પકડ ને! આ પુલનો થાંભલો શું પકડે છે? મારો પગ તો આ રહ્યો!''

મગરને લાગ્યું કે આ તો ખરેખર આપણે ભૂલ્યા! એણે તો તરત જ શિયાળનો પગ છોડી દીધો ને જોરથી થાંભલો પકડ્યો.

પગ છૂટતાં શિયાળે દોટ દીધી. દોડતાં-દોડતાં શિયાળ બોલ્યું. ''મગરરાજા, એ મારો પગ નથી, એ તો થાંભલો છે, મારો પગ તો આ રહ્યો!''

શિયાળે ફરીથી એ નદીએ પાણી પીવાનું છોડી દીધું.

મગરે ઘણી રાહ જોઈ; રાત-દિવસ પહેરો રાખ્યો પણ શિયાળ તો નદીએ આવે જ શાનું? હવે શું કરવું?

નદી કાંઠે એક આંબાની વાડી હતી. ત્યાં શિયાળ પોતાના ભાઈબંધોને લઈને રોજ કેરી ખાવા આવે.

મગરે વિચાર કર્યો કે હવે આંબાની વાડીમાં છુપાઈ જાઉં. તે એક દિવસ કેરીના મોટા ઢગલામાં લપાઈને બેઠો. શિયાળને આવતું જોઈને બે ડોળા ઉઘાડા રાખ્યા.



હંમેશની જેમ શિયાળ તો મિત્રમંડળ લઈને આવ્યું. તરત જ તેની નજરે બે ડોળા પડ્યા. તેણે બૂમ પાડીને કહ્યું : ''ભાઈ! સાંભળજો. આ મોટો ઢગલો મોટા માલિકનો છે. એની પાસે કોઈ જશો નહિ. આ બીજા ઢગલામાંથી ખાજો.''

આ વખતે પણ શિયાળ આવ્યું નહીં.

મગર કહે : ''હવે તો એની બખોલમાં જ જઈને બેસું. ત્યાં હાથ આવશે જ.''

એકવાર શિયાળને બહાર ગયેલું જોઈ મગર તેની બખોલમાં જઈને બેઠો.

અડધી રાત રખડી ને સવાર પડવા આવી એટલે શિયાળ બખોલે આવ્યું. ત્યાં એણે મગરના બે ડોળા જોયા. તે કહે : ''વાહ, આજે તો મારે ઘેર બે દીવા!''

મગરે એક ડોળો મીંચી દીધો.

શિયાળ કહે : ''અરે આ એક દીવો ઓલવાઈ ગયો!''

મગરે બેય ડોળા મીંચી દીધા.

શિયાળ કહે : ''અરે આ તો બેય દીવા ઓલવાઈ ગયા. હવે અંધારામાં કોણ જાય! ચાલ બીજી બખોલમાં જાઉં.''

મગરે તો ઘણી વાર સુધી રાહ જોઈ પછી કંટાળીને નદીએ ગયો.

શિયાળ કોઈ દિવસ એના હાથ ન આવ્યું તે ન જ આવ્યું!

# 12. કૂકડી પડી રંગમાં...

કૂકડો અને કૂકડી વહેલી સવારે ફરવા નીકળ્યાં. બંને વાતોમાં મશગુલ. વાતોમાં ને વાતોમાં ગામની બહાર નીકળી ગયાં. ગામને પાદરે રંગારાનાં ઘણાં ઘર. રંગારાનાં ઘર હોય એટલે રંગના હોજ તો હોય જ ને ! કૂકડાને ચાલતાં-ચાલતાં કૂકડીની ટીખળ કરવાની ઇચ્છા થઈ. એણે કૂકડીની ટીખળ કરી. ટીખળથી કૂકડી ખૂબ ખિજાઈ. ખિજાયેલી કૂકડી કૂકડાને મારવા તેની પાછળ દોડી. કૂકડો આગળ ભાગ્યે જાય ને કૂકડી પાછળ દોડતી જાય. દોડતી જતી કૂકડીને ઠેસ વાગી. ઠેસ વાગતાં જ તે રંગના હોજમાં પડી. કૂકડો તો દોડ્યે જ જતો હતો. થોડીવાર પછી તેણે પાછું વળીને જોયું. તેને કૂકડી ન દેખાઈ એટલે એ પાછો વળ્યો. એણે જોયું તો કૂકડી રંગના હોજમાં પડી ગઈ હતી. તેણે તેને હોજમાંથી બહાર કાઢી. કૂકડીની હાલ જોઈને કૂકડો તો ડઘાઈ ગયો. ત્યાંથી પસાર થતા લોકો કૂકડીને જોઈ જોર-જોરથી હસવા લાગ્યા. કૂકડીને જેણે પણ જોઈ તે બધાં હસી-હસીને બેવડ વળી ગયાં. લોકોને હસતાં જોઈ કૂકડી તો ચિંતામાં પડી ગઈ. ''એવું તો શું બન્યું હશે કે લોકો મને જોઈ હસતાં હશે ?'' લોકોનું હસવું કૂકડી માટે માથાનો દુઃખાવો બની ગયું. આ જ વિચારમાં તેણે ઉતાવળે ઘર ભણી દોટ મૂકી. એને દોડતી જોઈ કૂકડો પણ તેની પાછળ ભાગ્યો. ઘરના દરવાજે પહોંચ્યાં તો એમનાં બચ્ચાં પણ હસવા લાગ્યાં. કૂકડીએ બધાંને પૂછ્યું પણ કોઈએ કંઈ ઉત્તર ન વાળ્યો. છેવટે એ અરીસા સામે જઈને ઊભી રહી. અરીસામાં જોતાં જ એના માથે આભ તૂટી પડ્યું. કૂકડીને પોતાના રૂપનું બહુ જ અભિમાન



હતું. પણ આ રંગે તો જાણે એના રંગમાં ભંગ પાડ્યો. એ નિસાસો નાંખીને બોલી ઊઠી. ''અરરર! આ શું થઈ ગયું?'' પોતાની આ હાલતથી દુઃખી થઈને એ તો ઘરના ખૂણે ભરાઈને બેઠી. કૂકડો પણ માંડ-માંડ ડગલાં ભરતો ઘરના બીજા ખૂણામાં ભરાઈને બેઠો. રંગના હોજમાં પડવાથી રૂપાળી કૂકડી કદરૂપી બની ગયાની વાત વાયુવેગે ગામ આખામાં પહોંચી ગઈ. કૂકડાના મિત્રો એને સાંત્વના આપવા પહોંચી ગયા. એને ઘરમાં ચેન ન પડતાં તે ઘરથી થોડેક દૂર આવેલા પીપળાના ઝાડ પર જઈને બેઠો. રોજ ખુશ દેખાતા કૂકડાને આજે ભારે ચિંતામાં જોઈ પીપળાએ પૂછ્યું-

''કૂકડાભાઈ, ઓ કૂકડાભાઈ! કેમ આજે નિરાશ લાગો છો?''

કૂકડો કહે : ''અરે જવા દોને દોસ્ત, કંઈ વાત જ કરવા જેવી નથી.''

પીપળો કહે : ''અરે પણ કહો તો ખરા, થયું છે શું?''

કૂકડો કહે : ''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં''

પીપળો કહે : ''અરે, એ તો ગજબ થયો. તમારું દુઃખ એ મારું દુઃખ! હું મારાં બધાં પાંદડાં ખેરવી નાખું!'' એમ કહી પીપળાએ પોતાનાં બધાં પાંદડાં ખેરવી નાખ્યાં.

થોડી વાર થઈ ત્યાં પીપળા નીચે એક ભેંસ આવી. એ કહે : ''પીપળાભાઈ! એય પીપળાભાઈ! કેમ છો ? કાલે તો તમે પાંદડાંથી ભર્યા-ભર્યા હતા અને આજે આવા કેમ?''

પીપળો કહે : ''બહેન, શી વાત કરું? કંઈ કહેવા જેવું નથી!''

ભેંસ કહે : ''કંઈક કહો તો ખરા, થયું છે શું?''

પીપળો કહે : ''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં
પીપળ પાન ખરી ગયાં!''

ભેંસ કહે : ''અરે, આ તો બહુ ખોટું થયું! કૂકડાનું દુઃખ એ આપણું દુઃખ. હું પણ મારાં શીંગડાં પાડી નાખીશ!'' એમ કહી ભેંસે પોતાનાં શીંગડાં પાડી નાખ્યાં. ત્યાંથી ભેંસ પાણી પીવા નદીએ ગઈ.

નદી કહે : કેમ છો ભેંસબહેન? તમારાં શીંગડાં કેમ દેખાતાં નથી, ક્યાં ગયાં?''

ભેંસ કહે : ''જવા દોને! શી વાત કરું?''

નદી કહે : ''પણ કહો તો કંઈક ખબર પડે!''

ભેંસ કહે : ''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં
પીપળ પાન ખરી ગયાં
શીંગ ભેંસનાં પડી ગયાં!''

નદી કહે : ''કૂકડાનું દુઃખ એ આપણું દુઃખ! હું પણ મારું પાણી સૂકવી દઉં. એમ કહી

નદી તો નપાણી થઈ ગઈ! ત્યાં કોયલ નદીએ પાણી પીવા આવી.

કોયલ કહે : ''નદીબહેન! નદીબહેન! આ શું? કાલે તો રૂપાળાં બે કાંઠે વહેતાં હતાં. અને આજે પાણીનું એકેય ટીપું નહિ?''

નદી કહે : ''અરે બહેન જવા દોને, કંઈ કહેવા જેવું નથી!''

કોયલ કહે : ''કહો તો ખરાં, થયું છે શું?''

નદી કહે : ''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં
પીપળ પાન ખરી ગયાં
શીંગ ભેંસનાં પડી ગયાં.
નદી થઈ ગઈ સૂકી ભઠ''

કોયલ કહે : ''આ તો ગજબ થયો! મને પણ એનું ઘણું દુઃખ થયું. આપણા મિત્ર કૂકડાભાઈનું દુઃખ દૂર કરવા આપણે બધાંએ કંઈક કરવું જોઈએ!''



નદી કહે : ''પણ એવું તો શું થાય?''

કોયલ કહે : ''નિરાશ કૂકડાને ખુશ કરવા હું નાચ કરું છું!'' પછી તો કોયલ નાચ કરતાં-કરતાં બોલી :

''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં
પીપળ પાન ખરી ગયાં
શીંગ ભેંસનાં પડી ગયાં.
નદી થઈ ગઈ સૂકી ભઠ
કોયલ આવી નદીને તટ''

કોયલ કહે : ''નદીબહેન! આમ ગભરાઈ ન જવાય!''

નદી કહે : ''તો શું કરવાનું?''

કોયલ નાચતાં નાચતાં બોલી

''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં
પીપળ પાન ખરી ગયાં
શીંગ ભેંસનાં પડી ગયાં.

નદી થઈ ગઈ સૂકી ભઠ
કોયલ આવી નદીને તટ
બોલી ઊઠી કોયલ શાણી
નાહક શાને નદી ગભરાણી
સઘળાં દુઃખને ભૂલી જાઓ
નાચો, ગાઓ, મોજ મનાવો!''
એટલામાં ત્યાં રાજા આવી પહોંચ્યા.

રાજા કહે : ''શું થયું?'' કોયલે બધી વાત માંડીને કહી. રાજાએ કૂકડીની હાલત, કૂકડાનું દુઃખ, પીપળનાં પાન, ભેંસનાં શીંગ, નદીનાં પાણી, શાણી કોયલની વાત સાંભળી અને કહ્યું : ''તમે બધાં કૂકડાના દુઃખે દુઃખી થયાં એ મને ગમ્યું! વળી કૂકડાનું દુઃખ દૂર કરવામાં પણ તમે ભાગીદાર થયાં. એ બદલ તમને સૌને અભિનંદન! પછી બધાં એક સાથે ગાવા લાગ્યાં.

''કૂકડી પડી રંગમાં
કૂકડો બળે અંગમાં
પીપળ પાન ખરી ગયાં
શીંગ ભેંસનાં પડી ગયાં.
નદી થઈ ગઈ સૂકી ભઠ
કોયલ આવીને નદીને તટ
બોલી ઊઠી કોયલ શાણી
નાહક શાને નદી ગભરાણી
સઘળાં દુઃખને ભૂલી જાઓ
નાચો-ગાઓ મોજ મનાવો
વાગી ઊઠ્યાં રાજનાં વાજાં
આવી પહોંચ્યા સૌના રાજા
કોયલ તું તો ભારે શાણી
રંગે ચંગે કરો ઉજાણી.''

## 13. સામસામે ખેંચાણી

એક હતું શિયાળ. એ જંગલમાં રહે. રખડતાં-રખડતાં જે કંઈ મળે એ ખાય.

આ જંગલમાં સિંહ અને દીપડો પણ રહે. બેઉ બળિયા. બેઉ વચ્ચે અણબનાવ! બાપદાદા વખતનું વેર.

એક દિવસ બેઉ વચ્ચે સામાન્ય બોલાચાલી થઈ. એમાંથી સામસામી નહોરબાજી થઈ, બટકાબાજી થઈ! એક બીજાના દિલ પર ઊતરી પડ્યા. એક મોટા દીપડાએ સિંહને નહોર ભર્યા. પંજાથી ઘા કર્યા. સિંહ ખસી ગયો ને દીપડા પર કૂદ્યો; પંજાના એક ઘાએ દીપડાનું શરીર ચૂંથી નાખ્યું. બંને લોહીલુહાણ થઈ ગયા!

શિયાળભાઈ એ જ વખતે ત્યાંથી પસાર થતા હતા. દૂરથી એમણે આ મારામારી જોઈ હતી! એ તો આવી હિંસા જોઈને હબકી ગયા. શિયાળ તો આંખ બંધ કરીને ગુફામાં અંદર પેઠું. ગુફાની અંદરથી બધું જોતું જાય અને ધ્રૂજતું પણ જાય! એટલામાં તો 'દીપડો મરી ગયો. દોડો રે દોડો' એવી બૂમ પડી! આમથી ને તેમથી જંગલનાં બધાં નાનાં-મોટાં પ્રાણીઓ દોડી આવ્યાં. જંગલનો ન્યાયાધીશ હાથી અને તેના પ્રધાન રીંછ પણ આવ્યા. બધાં કહે - ''આ



તો સિંહનો ઘા. બીજા કોઈની તાકાત નહિ!'' પણ જંગલની કોર્ટ-કચેરીનું કામ એટલે સાક્ષી તો જોઈએ જ! પણ એ માટે તૈયાર કોણ થાય?

ખિસકોલી કહે - ''આ શિયાળ બખોલમાં હતું. એ આપણો સાક્ષી. ભાળ્યું ન ભાળ્યું એ જાણે. બખોલમાં હતું એટલે ખુલ્લી આંખે એણે કંઈક તો જોયું જ હશે!''

શિયાળને તરત જ બખોલમાંથી બહાર બોલાવ્યું અને જંગલના રાજા હાથી પાસે હાજર કરવામાં આવ્યું. રાજા હાથીએ પૂછ્યું - ''બોલ, શિયાળ! તું શું જાણે છે?''

શિયાળ કહે : ''રાજાજી! મને તો કશી વાતની ખબર નથી! હું તો બખોલમાં બેસી ઊંઘ લેતો હતો!''

હાથી કહે : ''એમ ન ચાલે! તારે જુબાની આપવી જ પડશે. મને ખબર છે કે તેં બધું નજરોનજર ભાળ્યું છે.''

શિયાળ તો મૂંઝાણો. એ તો ડોકું હલાવી ઘેર ગયો. રાત પડી પણ ઊંઘ આવે નહિ. આમ કહીશ તો સિંહ સાથે વેર થશે ને આમ કહીશ તો દીપડાનો પરિવાર મારશે! છેવટે શિયાળે મનમાં ને મનમાં કંઈક વિચાર કરી રાખ્યો.

બીજે દિવસે કેસ ચાલ્યો. હાથી કહે : ''શિયાળિયા! બોલ, ખોટું બોલે એને ભગવાન



પૂછે. બોલ જોઈએ. દીપડાનું મરણ કેમ કરતાં થયું ને કોણે એને માર્યો?

શિયાળ કહે : ''અહીંથી દીપડા ખાબક્યા ને ત્યાંથી સિંહ હમહમ્યા.''

''પછી?''

''પછી ઈનું ઈ!''

''પણ ઈનું ઈ શું?''

''સાહેબ! અહીંથી દીપડા ખાબક્યા ને ત્યાંથી સિંહ હમહમ્યા.''

''પછી?''

''પછી? પછી તો સામસામી ખેંચાણી ને મારી આંખ મિંચાણી!''

એમ કહીને શિયાળ તો બધાની વચ્ચે ફસકાઈને પડી ગયો ને બોલ્યો : ''અરે, રાજાજી! અમે તો બિચારા શિયાળ! કોઈનું લોહી રેડાતું જોઈ ન શકીએ! એ વખતે સામસામી ખેંચાણી અને મને એવી તે તમ્મર આવી ગઈ કે પછી તમારી પાસે લઈ આવ્યા ત્યારે જ શુદ્ધિ આવી!''

હાથી કહે : ''ઠીક; હવે ફરી વાર તારી જુબાની બોલી જા જોઈએ?''

શિયાળ કહે ''અહીંથી દીપડા ખાબક્યા ને ત્યાંથી સિંહ હમહમ્યા. સામસામી ખેંચાણી ને મારી આંખ મિંચાણી!''

હાથીરાજે કહ્યું : ''ભલે શિયાળ, તું સાચું નથી બોલી શકતો તેનું કારણ હું જાણું છું. પણ, અહીં એક એવું સાધન છે, જેના વડે મને અને આપણને બધાને ખબર પડી જશે કે કોનો વાંક છે! અને તે છે આ સીસી ટીવી, જેની આંખ ક્યારેય મિંચાતી નથી!'' બધાં અચરજ પામ્યાં.

અને પછી ન્યાયાધીશે જેનો વાંક હતો તેને સજા કરી સાચો ન્યાય આપ્યો.

■

# 14. ઝાંઝરવાળી ચકલીબાઈ



એક નગર હતું. તે નગરના રાજાએ બંધાવેલ બગીચામાં ઘણાં પંખીઓ રહેતાં હતાં. બગીચામાં એક ચકલી પણ રહે. એકવાર ચકલી ચણતી-ચણતી ફરતી હતી ત્યારે તેને એક ઝાંઝર મળ્યું. ''આ તો મને બહુ ગમે'' એમ કહી એણે ઝાંઝર પગમાં પહેરી લીધું.

થોડા દિવસો બાદ રાજા બગીચામાં ફરવા માટે નીકળ્યા ત્યારે તેમણે ચકીબાઈના પગમાં ઝાંઝર જોયું. ચકીબાઈએ રાજા સામું જોઈ ફુલાઈને કહ્યું.

હું તો ઝાંઝરવાળી ચકલી બાઈ,
મને કોઈથી કાંઈ ના કહેવાય.
કોઈની પાસે ના હોય તેવું,
મારા પગમાં ઝાંઝર સોહાય.

રાજા તો ચકલીના આવા શબ્દો સાંભળી ખૂબ રોષે ભરાયો. એ તો પગ પછાડી મહેલમાં ચાલ્યો ગયો. બીજા દિવસે રાજા પાછા બગીચામાં ફરવા આવ્યા અને ચકલીબાઈ ફરી કહેવા લાગ્યાં.

હું તો ઝાંઝરવાળી ચકલીબાઈ,
મને કોઈથી કાંઈ ના કહેવાય.

કોઈની પાસે ના હોય તેવું,

મારા પગમાં ઝાંઝર સોહાય.

રાજા તો ચકલી પર બહુ ખિજાયો. તેણે તેનું ઝાંઝર તેના પગમાંથી આંચકી લીધું. ચકલી બોલી,

રાજા તો ભિખારી

મારું ઝાંઝર લઈ લીધું

તેને મે લેવા દીધું

મે તેને કંઈ ના કીધું

રાજા આ સાંભળી બહુ ખિજાયો. તેણે ચકલીને ઝાંઝર પાછુ આપવા ફેક્યું તો ચકલી કહે,

રાજા મારાથી બીનો

મારું ઝાંઝર પાછું દીધું

રાજા મારાથી બીનો

મારું ઝાંઝર પાછું દીધું

હવે તો રાજા બરાબરનો ખિજાયો અને સિપાહીઓને કહ્યું કે આ ચકલીને પકડી તેના



માથે મુંડો કરાવી બગીચામાંથી બહાર કાઢી મૂકો. સિપાહીઓએ ચકલીના માથે મૂંડો કરી દીધો, પણ ચકલી વટમાં બોલી, ''રાજા તારા માથે પણ હું મુંડો ના કરાવું તો મારું નામ ઝાંઝરવાળી ચકલીબાઈ નહિ!''

રાજા રોજ મંદિરે જાય અને ભગવાન પાસે પોતાનું ભલું થાય તેવું માંગે. રોજની જેમ આજે પણ રાજા મંદિરમાં આવ્યા અને ભગવાન પાસે બે હાથ જોડીને પ્રાર્થના કરી : ''હે ભગવાન! મારું ભલું કરજો.'' ભગવાનના મંદિરમાં છૂપાયેલ ચકલી બોલી, ''હે રાજા! તારું ભલું નહિ થાય.''

રાજા કહે, ''કેમ ભગવાન, મારો શો વાંક ગુનો છે?'' મંદિરમાં છૂપાયેલ ચકલી બોલી, ''તારું માથું મૂંડાવીને પછી મારી પાસે આવ, પછી ભલું કરું!''

રાજાએ તો તરત જ એક માણસને બોલાવી પોતાનું માથું મૂંડવા માટે કહ્યું. જ્યાં પેલો માણસ રાજાના માથા પર પાણી લગાવી તેનું મૂંડન કરવા માટે જાય છે ત્યાં જ ચકલી ઊડીને આવી અને બોલી,

''અમે ચકીબાઈ એક મૂંડાયા,
સાથે રાજા પોતે મૂંડાણો.
હું તો ઝાંઝરવાળી ચકલી બાઈ,
મારે રાજાનું મૂંડન ના થવા દેવાય.''

રાજા ભોંઠો પડી ગયો. તેણે ચકલીબાઈની માફી માંગી. ચકલીએ પણ ફરીવાર આવું અભિમાન ન કરવા માટેની પ્રતિજ્ઞા લીધી. તે દિવસથી ચકલી રાજાના બગીચામાં છૂટથી ફરવા લાગી.

# 15. મારી વાર્તા

નીચે આપેલ ચિત્ર પરથી તમને ગમતી વાર્તા વિચારો અને કહો.



■ ■ ■

## સંકલન

શ્રી ચંદ્રેશ પાલ્લીઆ, જીસીઈઆરટી
શ્રીમતી વૈશાલી ચાવડા, જીસીઈઆરટી

## લેખન અને સંપાદન

શ્રી સાંઈરામ દવે
ડૉ. હરેશભાઈ ચૌધરી
ડૉ. ભીખુભાઈ એમ. વેગડા
શ્રી રમેશભાઈ નાનજીભાઈ પરમાર
શ્રી અશ્વિનભાઈ કાબા
શ્રી આનંદકુમાર દિ. ઠાકર
શ્રી કલ્પેશ પી. પટેલ
શ્રી કવિતા બી. વ્યાસ
શ્રી કિંજલ કે. ગોહેલ
શ્રી કિરીટ ગોસ્વામી
શ્રી ગોપાલકૃષ્ણ એસ. પટેલ
શ્રી ચંદ્રેશકુમાર બી. બોરીસાગર
શ્રી જગદીશગીરી યુ. ગોસાઈ
શ્રી જલ્પા પી. ગઢેચા
શ્રી ધવલ પી. ઓઝા
શ્રી નટવરસિંહ ડી. પરમાર
શ્રી નયનાબેન જી. પાઉ
શ્રી નિકેતાબેન એસ. વ્યાસ
શ્રી પરેશભાઈ કોટેચા
શ્રી પોપટભાઈ એલ. ખુંટી
શ્રી પ્રકાશ એમ. પ્રજાપતિ
શ્રી પ્રકાશકુમાર ભટ્ટી
શ્રી રિદ્ધીબેન કે. પટોળીયા
શ્રી વાસુદેવ બી. સોઢા
શ્રી વિશાલભાઈ એ. જોષી
શ્રી શક્તિદાન કે. કુચાલા
શ્રી શરદભાઈ કે. બારૈયા
શ્રી શિલ્પા કે. કથવાડીયા
પ્રો. શ્રી રક્ષાબેન દવે
શ્રી સંજય આર. તલસાણીયા
શ્રી જાનકી સી. પટેલ
શ્રી ડી. એમ. વાલેરા
શ્રી તન્વી એન. ચૌહાણ
શ્રી તરૂણકુમાર કાટબામણા
શ્રી દિવ્યા બી. જાની
શ્રી દીપા જે. પટેલ
શ્રી ધરતી બી. ગિરાણા
શ્રી ધર્મેશકુમાર રામાનુજ
શ્રી ફાલ્ગુની બી. પટેલ
શ્રી બિન્દુ બી. રાઠોડ
શ્રી ભરત કે. મેસિયા
શ્રી મનીષ એસ. સુથાર
શ્રી મહાવીરસિંહ ભગવતસિંહ ગોહિલ
શ્રી મિતલ આર. ખર
શ્રી મિતુલ રાવલ
શ્રી મિનેષ એન. વાણંદ
શ્રી રત્નાભાઈ બી. નાગર
શ્રી રબારી અમરતભાઈ જી.
શ્રી રમેશચંદ્ર સી. મૂલિયા
શ્રી રાકેશકુમાર સી. પટેલ
શ્રી જલ્પાબા વી. ભાટી
શ્રી સલીમ આર. લોહિયા
શ્રી હર્ષદબા એમ. ઝાલા
શ્રી અમિતકુમાર બી. સાસાણી
શ્રી હિરેનભાઈ ભટ્ટ
શ્રી રાજેશ્રીબેન ઓંધિયા
શ્રી વર્ષાબેન બી. પટેલ
શ્રી જાનકીબેન ટંડેલ
શ્રી કિશનભાઈ સી. વાડુ
શ્રી જ્યોર્જ એરિક મિસ્ત્રી
શ્રી સહદેવભાઈ આર. પટેલ
શ્રી કમલેશભાઈ એલ. પાડવી
શ્રી રાજેશભાઈ એ. પટેલ
શ્રી જગદીશભાઈ એલ. કાનાણી
શ્રી ગીતાબેન પી. પરમાર
શ્રી વિપુલભાઈ પી. પટેલ
શ્રી નયનાબેન ટી. પ્રજાપતિ
શ્રી ભરતભાઈ વી. અગ્રાવત
શ્રી યોગેશ ચૌધરી
શ્રી બીપીન બી. પટેલ
શ્રી રાજેન્દ્રસિંહ એ. વસાવા
શ્રી ચિરાગભાઈ પી. સુથાર
શ્રી દિપકભાઈ બી. ભાટીયા
શ્રી સુરેશ એચ. પટેલ
શ્રી પ્રદિપભાઈ સી. પટેલ
શ્રી હેનલકુમાર યુ. [illegible]
શ્રી વિમલકુમાર આર. પટેલ
શ્રી અશોકભાઈ બી. કાલાણી
શ્રી રમેશકુમાર બી. સમાણી
શ્રી મનસુખભાઈ કે. શેખ
શ્રી ધર્મેશભાઈ એચ. ઠાકર
શ્રી રસિકભાઈ એમ. વાઘેલા
શ્રી અશોકભાઈ જી. પટેલ
શ્રી સુરેશભાઈ ડી. રાવલ
શ્રી રાકેશકુમાર બી. બારોટ
શ્રી નટવરસિંહ યુ. ઝાલા
શ્રી બચુભાઈ એમ. નાયક
શ્રી વિજયકુમાર એમ. પટેલ
શ્રી સ્મિતાબેન ડી. રાણા
શ્રી જીજ્ઞાસાબેન જે. પ્રજાપતિ
શ્રી દિવ્યાબેન ડી. ચૌહાણ
શ્રી ભાવેશભાઈ બી. બોરીસાગર

## ચિત્રાંકન

શ્રી ભરતકુમાર બી. સેંઝાલા
શ્રી લાલજીભાઈ જે. કણઝરીયા
શ્રી ડી. જે. ચાવડા
શ્રી ગૌતમભાઈ ડી. પટેલ
શ્રી જે. બી. પટેલ
શ્રી યોગેશભાઈ આર. વસાવા
શ્રી મહેન્દ્રકુમાર સી. ખાંટ
શ્રી ધીરજકુમાર કે. પટેલ
શ્રી ભરતકુમાર એમ. સેનમા
શ્રી પ્રદિપકુમાર એસ. દોશી
શ્રી અશોક એસ. વસાવા
શ્રી છત્રસિંહ આર. વસાવા
શ્રી અરવિંદસિંહ એસ. ચૌહાણ
શ્રી વૈશાલીબેન સી. પટેલ

निपुण
भारत
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન




સંકલન અને નિર્માણ

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સમગ્ર શિક્ષા,
સેક્ટર-૧૭, ગાંધીનગર.

ગુજરાત શૈક્ષણિક
સંશોધન અને તાલીમ પરિષદ
ગાંધીનગર

મુદ્રણ

ગુજરાત રાજ્ય શાળા
પાઠ્યપુસ્તક મંડળ
ગાંધીનગર